# રાજકોટ મિરર

આમારી Whatsapp Channel માં
જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

DAILY MORNING NEWS PAPER

Year : 15 | Issue : 431 | Dt. 17-09-2026 | Page : 08 | Price : Rs 3
RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT


# મોંઘવારીનો બોમ્બ ફૂટવાના એંધાણ

## સંયુક્ત રાષ્ટ્રની એજન્સી વર્લ્ડ મીટિઓરોલોજિકલ ઓર્ગેનાઈઝેશને (WMO) પણ એક ગ્લોબલ રિપોર્ટ જાહેર કરીને ચેતવણી આપી

નવી દિલ્હી, તા.૧૬

ભારતમાં સામાન્ય જનતા પર મોંઘવારીનો વધુ એક મોટો બોજ આવી રહ્યો છે. અલ નીનોને કારણે વરસાદની અછતથી ચોખા જેવા ખરીફ પાકોના વાવેતરમાં ૧૬.૦૫ લાખ હેક્ટરનો ઘટાડો થયો છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ ૧૧૯.૬૯ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા છે. આ બંને પરિબળોને લીધે આગામી સમયમાં ખાદ્યપદાર્થો અને પેટ્રોલિયમ ઉત્પાદનોના ભાવમાં મોટો ઉછાળો આવશે અને મોંઘવારીમાં વધારો કરશે તેવી પ્રબળ સંભાવના વ્યક્ત થઇ રહી છે.



મોંઘવારીનો માર સહન કરી રહેલા સામાન્ય માણસ માટે વધુ એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. એક બાજુ આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવ આસમાને પહોંચી રહ્યા છે, તો બીજી બાજુ દેશમાં વરસાદની અછતને કારણે ચોખા જેવા મહત્ત્વના પાકના વાવેતરમાં મોટો ઘટાડો નોંધાયો છે. આ બંને પરિબળો ભેગા મળીને દેશમાં ફુગાવાની (મોંઘવારીની) એક નવી લહેર લાવી શકે છે.

ભારતીય હવામાન વિભાગના જણાવ્યાનુસાર, ૧૯ સપ્ટેમ્બરથી પશ્ચિમ રાજસ્થાનના કેટલાક વિસ્તારોમાંથી ચોમાસું વિધિવત વિદાય લેવાનું શરૂ કરશે. ૩ જૂનથી શરૂ થયેલી ચોમાસાની સિઝન હવે આખરી તબક્કામાં છે. જોકે, આ વર્ષે મેઘરાજાએ ભારે નિરાશ કર્યા છે. ૧ જૂનથી ૧૪ સપ્ટેમ્બર સુધીના આંકડા અનુસાર, સમગ્ર દેશમાં સરેરાશ કરતાં ૧૫ % ઓછો વરસાદ નોંધાયો છે. સૌથી ખરાબ હાલત દક્ષિણ ભારતના રાજ્યોની છે, જ્યાં સરેરાશ કરતાં ૨૮ ટકા ઓછો વરસાદ પડ્યો છે. જ્યારે પૂર્વ અને ઉત્તર-પૂર્વ ભારતમાં પણ ૨૫ ટકા વરસાદની ઘટ જોવા મળી છે.

વરસાદ ઓછો પડવા પાછળનું મુખ્ય કારણ 'અલ નીનો' છે. પ્રશાંત મહાસાગરમાં સક્રિય અલ નીનોની સ્થિતિ અત્યારે ખૂબ મજબૂત છે અને આગામી દિવસોમાં તે વધુ વિકરાળ બને તેવી શક્યતા છે. ઓછો વરસાદ થવાથી સીધી ચોટ ખેતી પર પડી છે. કૃષિ મંત્રાલયના ડેટા મુજબ, ૧૧ સપ્ટેમ્બર સુધીમાં દેશભરમાં ખરીફ પાકોનું વાવેતર ગયા વર્ષની સરખામણીમાં ૧૬.૦૫ લાખ હેક્ટર જેટલું ઘટી ગયું છે.આ ખેંચની સૌથી આકરી અસર ચોખાના પાક પર પડી છે.

ચોખાના વાવેતરમાં ૧૬.૯૭ લાખ હેક્ટર (એટલે કે ૩.૮૨ ટકા) નો ઘટાડો થયો છે. સીધી વાત છે કે વાવેતર ઘટશે એટલે ઉત્પાદન ઘટશે અને બજારમાં ચોખાની અછત ઊભી થશે, જેનાથી આવનારા દિવસોમાં તેના ભાવ વધવા નક્કી છે.

ખેતીની આ કથળેલી સ્થિતિ વચ્ચે દેશમાં જથ્થાબંધ મોંઘવારી પણ સતત વધી રહી છે. વાણિજ્ય મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા નવા આંકડા મુજબ (જેમાં ૨૦૨૨-૨૩ને બેઝ યર ગણવામાં આવ્યું છે), ઓગસ્ટ ૨૦૨૬માં જથ્થાબંધ ભાવ સૂચકાંક નો ફુગાવાનો દર ૯.૯૨ ટકા પર પહોંચી ગયો છે, જે જુલાઈમાં ૯.૭૮ ટકા હતો.

ખાસ કરીને ખાવાપીવાની વસ્તુઓમાં મોંઘવારી વકરી છે. ફૂડ ઈન્ડેક્સનો ફુગાવાનો દર જુલાઈ ૨૦૨૬માં ૬.૬૫ ટકા હતો, જે ઓગસ્ટ ૨૦૨૬ માં વધીને ૭.૦૫ ટકા થઈ ગયો છે. ખનિજ તેલ, ખાદ્ય વસ્તુઓ, ધાતુઓ અને રસાયણોના ભાવ વધવાથી મોંઘવારીનો ગ્રાફ સતત ઊંચે જઈ રહ્યો છે.

ખાવાપીવાની વસ્તુઓ ઉપરાંત પેટ્રોલિયમ પેદાશો પણ મોંઘી થઈ રહી છે. મધ્ય-પૂર્વમાં ચાલી રહેલી અનિશ્ચિતતા અને તણાવના કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ રોકેટ ગતિએ વધી રહ્યા છે. સરકારી ડેટા મુજબ, ફ્યુઅલ અને પાવર સેક્ટરમાં ફુગાવાનો દર ૨૦.૦૫ ટકાથી ઉછળીને ૨૨.૯૩ ટકા થઈ ગયો છે. પેટ્રોલિયમ મંત્રાલયના અહેવાલ મુજબ, ૧૧ સપ્ટેમ્બર ના રોજ ભારતીય ક્રૂડ ઓઈલ બાસ્કેટનો ભાવ બેરલ દીઠ ૧૧૯.૬૯ ડોલરની ટોચ પર પહોંચી ગયો હતો. સપ્ટેમ્બરના શરૂઆતના ૧૧ દિવસનો સરેરાશ ભાવ પણ ૧૦૭.૬૬ ડોલર પ્રતિ બેરલ રહ્યો છે. ક્રૂડ મોંઘું થવાથી ટ્રાન્સપોર્ટેશન મોંઘુ થશે, જે આખરે દરેક ચીજવસ્તુઓના ભાવ વધારશે.

### વિશ્વ હવામાન સંગઠન (WMO) ની ગંભીર ચેતવણી

સમગ્ર વિશ્વના હવામાન પર નજર રાખતી સંયુક્ત રાષ્ટ્રની એજન્સી વર્લ્ડ મીટિઓરોલોજિકલ ઓર્ગેનાઈઝેશને (WMO) પણ એક ગ્લોબલ રિપોર્ટ જાહેર કરીને ચેતવણી આપી છે. આ રિપોર્ટ મુજબ, અલ નીનો હવે મજબૂત રીતે ગોઠવાઈ ગયો છે. ઉષ્ણકટિબંધીય પેસિફિક મહાસાગરમાં પાણી અસામાન્ય રીતે ગરમ થઈ રહ્યું હોવાથી આ અલ નીનો વધુ શક્તિશાળી બનશે. ઠખઘ ની આગાહી મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી આ સ્થિતિ ચાલુ રહેવાની ૧૦૦ ટકા શક્યતા છે. તેના કારણે દુનિયાભરના વરસાદ અને તાપમાનની પેટર્ન ખોરવાઈ જશે. પરિણામે ક્યાંક ભયંકર પૂર, ક્યાંક દુષ્કાળ તો ક્યાંક અસહ્ય ગરમી જેવી આફતો આવી શકે છે. આ સંકટને પહોંચી વળવા માટે વૈશ્વિક સંસ્થાઓ પ્રારંભિક ચેતવણી આપવાની તૈયારીઓ ઝડપી કરી રહી છે.

---

## સુદાનમાં મોટી દુર્ઘટના, અનેક લોકો કાટમાળ નીચે દટાયાની આશંકા

# સોનાની ખાણ ધસી પડતાં ૬૦ શ્રમિકોનાં મોત

### ગેરકાયદે ખનન અને સુરક્ષાના અભાવે પશ્ચિમ કોર્દોફોનમાં બની કરુણાંતિકા

નવી દિલ્હી, તા.૧૬

આફ્રિકન દેશ સુદાનના પશ્ચિમ કોર્દોફોન વિસ્તારમાં અલ-નુહુદ શહેરની ઉત્તરે આવેલી એક સોનાની ખાણ રવિવારે અચાનક ધરાશાયી થતાં અત્યંત ભયાવહ દુર્ઘટના સર્જાઈ છે. અચાનક ભેખડો ધસી પડવાને કારણે ખાણમાં કામ કરી રહેલા મજૂરોને બચવાની કોઈ જ તક મળી ન હતી. આ ગોઝારી ઘટનામાં અત્યાર સુધીમાં ૬૦ જેટલા નિર્દોષ શ્રમિકોના કરુણ મોત નીપજ્યા છે. સ્થાનિક પ્રશાસન અને બચાવ કર્મીઓ દ્વારા રાહત કામગીરી ચાલી રહી છે અને કાટમાળ ખસેડવામાં આવી રહ્યો છે, પરંતુ હજુ પણ અનેક લોકો કાટમાળ નીચે લાપતા હોવાથી મૃત્યુઆંક વધવાની પૂરેપૂરી આશંકા સેવાઈ રહી છે.



સુદાનનો સમાવેશ આફ્રિકા ખંડમાં સૌથી વધુ સોનાનું ઉત્પાદન કરતા અગ્રણી દેશોમાં થાય છે, પરંતુ આ કિંમતી ધાતુ મેળવવાની લ્હાયમાં માનવ જિંદગીની કોઈ કિંમત આંકવામાં આવતી નથી. અહીં મોટાભાગની ખાણોમાં કોઈપણ પ્રકારની આધુનિક ટેકનોલોજી વગર અત્યંત જોખમી અને પરંપરાગત પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. જીવના જોખમે કાઢવામાં આવતા આ સોનાની ત્યારબાદ મોટાપાયે દાણચોરી અને ગેરકાયદેસર વેચાણ કરવામાં આવે છે. ગરીબી અને રોજગારીના અભાવે મજૂરો આવી સુરક્ષા વિનાની ખાણોમાં કામ કરવા માટે મજબૂર બને છે અને દુર્ઘટનાઓનો ભોગ બને છે.

સૌથી મોટી વિડંબના એ છે કે સુદાનની મોટાભાગની ખાણોમાં સુરક્ષાના મૂળભૂત નિયમોનું સરેઆમ ઉલ્લંઘન થાય છે અને કટોકટી સમયે મજૂરોને બચાવવા માટે જરૂરી પ્રાથમિક બચાવ સાધનો પણ ઉપલબ્ધ હોતા નથી. પશ્ચિમ કોર્દોફોન ક્ષેત્રની મોટાભાગની સોનાની ખાણો પેરામિલિટરી ફોર્સ 'રેપિડ સપોર્ટ ફોર્સિસ'ના સીધા નિયંત્રણ હેઠળ ચાલે છે. આ દળો માટે સોનાની ખાણો આવકનો બહુ મોટો સ્ત્રોત છે, આમ છતાં ત્યાં કામ કરતા નિર્દોષ મજૂરોની જિંદગીની સુરક્ષા માટે કોઈ જ નક્કર વ્યવસ્થા કરવામાં આવતી નથી. મજૂરોને બસ નફાના માધ્યમ તરીકે જોવામાં આવે છે. સુદાનમાં સુરક્ષા વિના ધમધમતી આ સોનાની ખાણો શ્રમિકો માટે અવારનવાર મોતનો કૂવો સાબિત થતી રહે છે. ભૂતકાળ પર નજર કરીએ તો અગાઉ જુલાઈ ૨૦૨૬માં પણ ઉત્તરી સુદાનના વાદી હાફા વિસ્તારમાં સોનાની ખાણ અચાનક ધસી પડવાના કારણે ૧૫ જેટલા લોકોના કમકમાટીભર્યા મોત થયા હતા. તે પહેલાં એપ્રિલ ૨૦૨૬માં પણ ખાણના એક ગંભીર અકસ્માતમાં ૭ મજૂરોએ પોતાનો જીવ ગુમાવ્યો હતો અને અન્ય ૬ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

---

# મોદીજી હિંમત બતાવો, UPI ટેક્સ પાછો લો

### ૨,૦૦૦થી વધુના મર્ચન્ટ વ્યવહારો પરના ચાર્જનો નિર્ણય ને અમેરિકન કંપનીઓ સામેનું આત્મસમર્પણ ગણાવતા રાહુલ ગાંધી

નવી દિલ્હી, તા.૧૬

કેન્દ્ર સરકાર દ્વારા આગામી ૧૫ ઓક્ટોબરથી રૂપિયા ૨,૦૦૦થી વધુના મર્ચન્ટ UPI વ્યવહારો પર ૦.૪% મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગુ કરવાના લેવાયેલા નિર્ણય સામે લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ અત્યંત આક્રમક વલણ અપનાવીને કેન્દ્ર સરકાર પર શાબ્દિક હુમલો કર્યો છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકી જવાનો ગંભીર આરોપ લગાવતા આ પ્રસ્તાવિત ટેક્સ તાત્કાલિક અસરથી પાછો ખેંચવાની ઉગ્ર માંગ કરી છે. આ મુદ્દે પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના એક ઐતિહાસિક કિસ્સાને ટાંકીને પીએમ મોદી પર આકરો કટાક્ષ કરતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે, જ્યારે ઈન્દિરાજીને એકવાર પૂછવામાં આવ્યું હતું કે તેઓ ડાબે ઝૂકે છે કે જમણે, ત્યારે તેમણે ગર્વથી કહ્યું હતું કે હું ટટ્ટાર ઊભી રહું છું. પરંતુ આ બાબતમાં મોદીજીનો અભિગમ સાવ અલગ જ જોવા મળે છે, કારણ કે તેઓ



ન તો લેફ્ટ છે કે ન તો રાઈટ; તેમણે સીધા જ ડોનાલ્ડ ટ્રમ્પ સામે નતમસ્તક થઈ જવાનો નિર્ણય કરી લીધો હોય તેવું સ્પષ્ટ દેખાય છે. તેમણે વડાપ્રધાનને અપીલ કરતા કહ્યું કે મોદીજી, કૃપા કરીને અમેરિકા સામે ઝૂકવાનું બંધ કરો, થોડી હિંમત બતાવો, ટટ્ટાર ઊભા રહો અને સામાન્ય જનતા પર બોજ નાખતો આ UPI ટેક્સ તાત્કાલિક પાછો લો.

UPI પર ટેક્સ લાદીને સરકારે દેશના દરેક ભારતીય નાગરિક પર આર્થિક બોજ નાખ્યો છે અને તેની સામે અમેરિકન કંપનીઓને ભારે કમાણી કરવાની ખુલ્લી તક આપી દીધી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'ડ' પર એક વિગતવાર પોસ્ટ શેર કરીને રાહુલ ગાંધીએ આક્ષેપ કર્યો હતો કે સરકારે ગુપચુપ રીતે UPI પર ચાર્જ લગાવવાનો રસ્તો ખોલી દીધો છે. સરકાર ભલે એવો દાવો કરતી હોય કે માત્ર રૂપિયા ૨,૦૦૦થી ઉપરના ટ્રાન્ઝેક્શન પર જ ચાર્જ લાગશે જેની સંખ્યા કુલ વ્યવહારોમાં માત્ર ૫% જ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે UPIની કુલ વ્યવહાર મૂલ્ય (Transaction Value) નો આશરે ૬૫% જેટલો મોટો હિસ્સો આ માત્ર ૫% ટ્રાન્ઝેક્શન્સમાં જ સમાયેલો છે. ભલે સરકારે એમ કહ્યું હોય કે ગ્રાહક પાસેથી સીધી કોઈ ફી નહીં લેવાય, પણ દુકાનદાર પર લાદવામાં આવેલી આ ફી આખરે ચીજવસ્તુઓની કિંમતોમાં ઉમેરાઈને મોંઘવારી રૂપે સામાન્ય ગ્રાહકના ખિસ્સામાંથી જ વસૂલવામાં આવશે.

### નિર્ણય પાછો ખેંચવાનો સવાલ જ નથીઃ કેન્દ્ર સરકાર

કેન્દ્ર સરકારે UPI વ્યવહારો માટે નવું માળખું જાહેર કર્યું છે, જે ૧૫ ઓક્ટોબરથી લાગુ કરવામાં આવશે. વિપક્ષના વિરોધ છતાં સરકારે સ્પષ્ટ કર્યું છે કે ૨૦૦૦ રૂપિયાથી વધુના UPI વ્યવહારો પર ફી લાદવાનો નિર્ણય પાછો ખેંચવામાં આવશે નહીં. સામાન્ય ગ્રાહકો માટે UPIનો ઉપયોગ સંપૂર્ણપણે મફત રહેશે, કારણ કે આ ચાર્જ માત્ર વેપારીઓ પર લાગુ થશે. નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) દ્વારા રજૂ કરાયેલા નવા નિયમ મુજબ ૨૦૦૦ રૂપિયાથી વધુના UPI પેમેન્ટ પર ૦.૪ ટકા શુલ્ક અથવા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) લાગશે.

---

## ભારત-ન્યૂઝિલેન્ડ સંબંધોમાં નવો સૂર્યોદય

# ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટને ન્યૂઝીલેન્ડ સંસદની મંજૂરી

### ૯૫% પ્રોડક્ટ્સ થશે ટેરિફ ફ્રી : નિકાસકારોને મળશે ૧૦૦% ડ્યુટી-ફ્રી એન્ટ્રીઃ આગામી ૧૫ વર્ષમાં ભારતમાં થશે ૨૦ અબજ ડોલરનું માતબર રોકાણ



નવી દિલ્હી, તા.૧૬

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચેના આર્થિક અને વ્યૂહાત્મક સંબંધોમાં એક સુવર્ણ અધ્યાયનો પ્રારંભ થયો છે. ન્યૂઝીલેન્ડની સંસદે ભારત સાથેના ફ્રી ટ્રેડ એગ્રિમેન્ટ (FTA) ને લાગુ કરતા કાયદાને ભારે બહુમતીથી પસાર કરીને ઐતિહાસિક નિર્ણય લીધો છે. આ મુક્ત વ્યાપાર સમજૂતી અમલી બનતાં જ બંને દેશો વચ્ચેના વેપારને નવી ઊંચાઈ મળશે અને ભારતીય ઉદ્યોગકારો તેમજ નિકાસકારો માટે સમૃદ્ધિના નવા દ્વાર ખુલશે.

ન્યૂઝીલેન્ડ સંસદમાં આ ઐતિહાસિક બિલ પર થયેલા મતદાનમાં સમર્થનમાં ૯૩ અને વિરોધમાં માત્ર ૨૯ વોટ પડ્યા હતા. દેશહિત અને ભારત સાથેના આર્થિક સંબંધોને મજબૂત કરવાની દિશામાં મુખ્ય વિપક્ષી દળ 'લેબર પાર્ટી'એ પણ સરકારના આ નિર્ણયનું ખુલ્લીને સમર્થન કર્યું હતું. આ સર્વસંમતિ દર્શાવે છે કે ન્યૂઝીલેન્ડ ભારતને એક મજબૂત અને વિશ્વાસપાત્ર આર્થિક ભાગીદાર તરીકે જુએ છે.

કરારની સૌથી મોટી અને મહત્વની બાબત એ છે કે ભારતથી ન્યૂઝીલેન્ડ મોકલવામાં આવતા તમામ સામાનને ૧૦૦ ટકા ડ્યુટી-ફ્રી એન્ટ્રી મળશે. આનાથી ભારતીય ઉત્પાદનો ન્યૂઝીલેન્ડના બજારમાં વધુ સ્પર્ધાત્મક બનશે અને ભારતીય ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, એગ્રીકલ્ચર અને આઈટી ક્ષેત્રના નિકાસકારોને સીધો અતિ મોટા પાયે ફાયદો થશે.

### આ જ વર્ષથી થશે અમલીકરણ

ન્યૂઝીલેન્ડના ટ્રેડ મિનિસ્ટર ટોડ મેક્લેએ આ બિલ પસાર થવા પર ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, આ મહત્વાકાંક્ષી એગ્રિમેન્ટ આ જ વર્ષથી સંપૂર્ણપણે અમલમાં આવી જશે. આ નિર્ણયથી ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે માત્ર વેપાર જ નહીં, પરંતુ રોજગારીની નવી તકો અને આર્થિક સમૃદ્ધિના નવા દ્રશ્યો સર્જાશે.

### કરારના મુખ્ય પાસાઓ અને મહત્વના મુદ્દાઓ

ન્યૂઝીલેન્ડથી ભારત આવતી આશરે ૯૫ ટકા નિકાસ પરનો ટેક્સ કાં તો સંપૂર્ણપણે રદ થશે અથવા તો અત્યંત ઓછો કરી દેવાશે. એગ્રિમેન્ટ અમલી બનતાની સાથે જ અડધાથી વધુ ઉત્પાદનો પરની કસ્ટમ ડ્યુટી તુરંત શૂન્ય (0%) થઈ જશે. ન્યૂઝીલેન્ડ આ કરાર હેઠળ આગામી ૧૫ વર્ષોમાં ભારતના વિવિધ ક્ષેત્રોમાં ૨૦ અબજ અમેરિકન ડોલરનું વિશાળ રોકાણ કરશે. બંને દેશોએ આ વર્ષે એપ્રિલમાં આ એગ્રિમેન્ટ સાઈન કર્યા હતા. જૂન ૨૦૨૬ સુધીના આંકડા મુજબ બંને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૩.૯૯ અબજ ન્યૂઝીલેન્ડ ડોલર સુધી પહોંચી ગયો છે, જેમાં આ કરાર બાદ ગુણાત્મક વધારો થશે.

### હે રામ... શ્રી કૃષ્ણના નામે ભ્રષ્ટાચારની મટકી ફોડતું રામ્યુકો!

# ઓગણીસ લાખના ટેન્ડર સામે ૩૨ લાખનું બિલ પાસ!

## શાસકોએ પોતાના મળતિયાઓને ખટવ્યા હોવાનો કોંગ્રેસના ડો. હેમાંગ વસાવડાનો આક્ષેપ

રાજકોટ, તા.૧૬

ધર્મના નામે રાજકારણ રમીને સત્તા પર બેઠેલા શાસકોને હવે ભગવાનના નામે ભ્રષ્ટાચાર આચરવામાં પણ કોઈ લાજ-શરમ રહી નથી. અયોધ્યામાં ભગવાન શ્રી રામના નામે કથિત લૂંટ ચલાવ્યા બાદ હવે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાધીશોએ સાક્ષાત શ્રી કૃષ્ણ ભગવાનના નામે પણ પ્રજાના પરસેવાની કમાણી લૂંટવાનો બેફામ સિલસિલો શરૂ કર્યો છે. તાજેતરમાં જન્માષ્ટમીના પવિત્ર તહેવાર પર યોજાયેલા મટકી ફોડ ઉત્સવમાં ૩૦ લાખ રૂપિયાથી વધુનો ખર્ચ દર્શાવીને તંત્રે સત્તાના જોરે પોતાના મળતિયાઓના ખિસ્સા ભર્યા હોવાનો ગંભીર આક્ષેપ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ ડો. હેમાંગ વસાવડાએ લગાવ્યો છે. શાસક પક્ષ ભારતીય જનતા પાર્ટીની આ કામગીરીએ ધર્મપ્રેમી જનતા સમક્ષ તેમનું સાચું ચરિત્ર ખુલ્લું પાડી દીધું હોવાનું આકરા શબ્દોમાં જણાવાયું છે.

કોર્પોરેશનના ભ્રષ્ટ વહીવટની પોલ ખોલતા આંકડાઓ દર્શાવે છે કે જન્માષ્ટમીના દિવસે મટકી ફોડ ઉત્સવ માટે શરૂઆતમાં ૧૭ લાખ રૂપિયાનું ટેન્ડર મંજૂર કરવામાં આવ્યું હતું. ત્યારબાદ વધુ બે લાખ રૂપિયા ઓવર મંજૂર કરી કુલ ૧૯ લાખ રૂપિયા ફાળવાયા હતા. પરંતુ હદ તો ત્યારે થઈ જ્યારે કામગીરી પૂર્ણ થયા બાદ સીધું ૩૨ લાખ રૂપિયાનું બિલ મુકાયું અને ભ્રષ્ટ



તંત્રે આંખ આડા કાન કરીને બત્રીસ લાખનો તોતિંગ ખર્ચ પસાર પણ કરી દીધો. આશ્ચર્યની વાત એ છે કે જે એજન્સીઓને આ કામનો કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હતો તેમની પાસે ન તો ઈલેક્ટ્રિક લાયસન્સ હતું કે ન તો ફૂડ લાયસન્સ. શાસકોએ કોઈપણ જાતની ચકાસણી કર્યા વિના જનતાના નાણાં પાણીની જેમ વેડફી નાખીને તંત્રની ઘોર બેદરકારી અને મિલીભગતનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

ટેન્ડરમાં દર્શાવેલી શરતો અને સ્થળ પરની વાસ્તવિકતા વચ્ચે જમીન-આસમાનનો તફાવત જોવા મળ્યો હતો. નિયમ મુજબ સ્થળ પર જે ટીનનો શેડ અને ડોમ બનાવવાનો હતો તે ક્યાંય બન્યો જ ન હતો. વ્યવસ્થાના નામે ૨૦૦ ખુરશીઓ મૂકવાની હતી તેના બદલે માત્ર ૬૦ ખુરશીઓ ગોઠવીને જ કામ પતાવી દેવાયું હતું. મ્યુઝિક અને ઓરકેસ્ટ્રાનો કોન્ટ્રાક્ટ પણ 'આપણા વાળા' ને પધરાવી દઈને કોર્પોરેશને પ્રજાના પૈસાની ઉઘાડી લૂંટ ચલાવી છે. આ મામલે કોંગ્રેસે શાસક પક્ષના નેતા શ્રી નેહલ શુક્લા પાસે સીધો અને સ્પષ્ટ ખુલાસો માંગ્યો છે કે જ્યારે ટેન્ડરની શરતમાં કોઈ જ ઉલ્લેખ ન હતો છતાં ત્રણ લાખ રૂપિયાનું એડવાન્સ પેમેન્ટ કોને, શા માટે અને શું કામ ચૂકવવામાં આવ્યું? ભ્રષ્ટાચારના આ કાદવમાં તંત્ર અને શાસકોએ આચરેલી ગેરરીતિનો જવાબ રાજકોટની જનતા માંગી રહી છે.

---

# વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે સેવા સંકલ્પ પત્ર

### એક મહિના સુધી વિવિધ જનસેવાના કાર્યક્રમો : ૧૨ આઈકોનિક સ્થળો વોર્ડના મંદિરો અને ઘરોમાં દીપ પ્રગટાવી વડાપ્રધાનના દીર્ઘાયુ માટે થશે પ્રાર્થના




રાજકોટ, તા. ૧૬

રાજકોટ શહેર ભારતીય જનતા પાર્ટી કાર્યાલય કમલમ ખાતે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે અને મેયર ડો. નેહલકુમાર શુક્લ દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૧૭ સપ્ટેમ્બરના જન્મદિવસ નિમિત્તે યોજાનાર 'સેવા સંકલ્પ અભિયાન-૨૦૨૬' અંગે વિસ્તૃત માહિતી પૂરી પાડવામાં આવી હતી.

ગાંધીનગર ટાઉન હોલ ખાતે પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં તેમજ પ્રદેશ પ્રભારી તરુણજી ચુગ, રાષ્ટ્રીય સહસંયોજક આશિષ સેલાર, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે આ અભિયાનનો પ્રારંભ થઈ રહ્યો છે. વડાપ્રધાનશ્રીએ સંગઠનથી લઈને શાસન વ્યવસ્થા સુધી આપેલા ૨૫ વર્ષથી વધુના જાહેર જીવનના સમર્પણ અને ''સેવા પરમો ધર્મઃ'' ના સિદ્ધાંતને સાર્થક કરતા આ ઐતિહાસિક કાર્યકાળની ઉજવણી રૂપે તા. ૧૭ સપ્ટેમ્બરથી તા. ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ સુધી એક માસ ચાલે તેવા વિવિધ જનકલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉજવણીના ભાગરૂપે આજથી રાજકોટના ૧૨ જેટલા આઈકોનિક સ્થળો, દરેક વોર્ડના વિવિધ મંદિરો તેમજ રાજકોટના નાગરિકોના ઘરે આશીર્વાદનો દીપ પ્રજવલિત કરવામાં આવશે. આ દીપ પ્રજવલન થકી વડાપ્રધાન સ્વસ્થ અને દીર્ઘાયુ આયુષ્ય માટે પ્રાર્થના કરવાની સાથે દેશ અને સમાજ પ્રત્યેના તેમના સેવા-સુશાસન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવશે.

આ પત્રકાર પરિષદમાં શહેર પ્રમુખ અને મેયર ઉપરાંત ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ડો. દર્શિતાબેન શાહ, ભાનુબેન બાબરીયા, શહેર ભાજપ મહામંત્રી લલીતભાઈ વાડોલીયા, યોગેન્દ્રસિંહ જાડેજા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, શાસક પક્ષ નેતા હિરેનભાઈ ખીમાણીયા, દંડક સંજયસિંહ રાણા તેમજ શહેર મીડિયા ઈન્ચાર્જ હાર્દિકભાઈ બોરડ સહિતના ભાજપના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

### રાજકોટની ચોંકાવનારી ઘટનાઃ દુકાને જતી બાળાને કેટરિંગમાં કામની લાલચ આપી માંડાડુંગર લઈ જવાઈઃચાર દિવસ સુધી ગોંધી રાખી બળજબરીથી દેહવેપાર કરાવ્યો

# બાળાને દેહવ્યાપારના દલદલમાં ધકેલી!

### પાડોશીની સતર્કતાથી ભાંડો ફૂટ્યોઃ રેખા અને ભુરીને આજીડેમ પોલીસે પકડીઃ ગ્રાહકો પાસેથી મોટી રકમ વસૂલી બાળાને ૫૦૦ રૂપિયા આપતીઃ આજીડેમ પોલીસે કરી આકરી કાર્યવાહી

રાજકોટ, તા.૧૬

ગુનાખોરીની દુનિયામાં માનવતા મરી પરવારી હોય તેવી ચોંકાવનારી ઘટના રાજકોટમાં સામે આવી છે. બાર વર્ષની બાળાને રોજગારીના ઝાંઝવાના જળ બતાવી દેહવ્યાપારના દલદલમાં ધકેલી દેનાર બે મહિલાઓનો આજીડેમ પોલીસે પર્દાફાશ કર્યો છે. કેટરિંગના કામના બહાને ૧૨ વર્ષની સગીરાને ફસાવી, તેને ચાર દિવસ ગોંધી રાખી દેહવેપાર કરાવવાના આ કારસ્તાનમાં સામેલ બંને મહિલા આરોપીઓને પોલીસે ઝડપી પાડી આગળની કામગીરી હાથ ધરી છે.

વિગતો જોઈએ તો શહેરના માંડાડુંગર વિસ્તારમાંથી આજીડેમ પોલીસ સ્ટેશનની ટીમે એક માસુમ સગીરાને જાળમાં ફસાવી તેની પાસે બળજબરીથી દેહવેપાર કરાવવાના ગંભીર ગુનાનો પર્દાફાશ કર્યો છે. કેટરિંગના કામે લઈ જવાની લાલચ આપી સગીરાનું શોષણ કરાવનાર મુખ્ય આરોપી મહિલા અને તેની મદદગાર સામે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી બંનેની અટકાયત કરી છે.

વધુ વિગત મુજબ ગત તા. ૧૧ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૧ વાગ્યા આસપાસ ૧૨ વર્ષ અને ૫ મહિનાની સગીરા ઘર નજીક આવેલી દુકાને જતી હતી. આ દરમિયાન નજીકના વિસ્તારમાં રહેતી રેખાબેન સાગઠીયા નામના મહિલાએ તેને રોકીને ''તારે કેટરિંગના કામમાં આવવું છે?'' તેમ પૂછ્યું હતું. આથી સગીરાએ હા પાડતા રેખાબેન તેને ચાલીને ગોંડલ ચોકડી તરફ લઈ ગઈ હતી. ત્યાંથી રિક્ષામાં બેસાડી આજીડેમ ચોકડી પહોંચાડ્યા બાદ એક યુવક એક્ટિવા લઈને આવ્યો હતો, જે બંનેને માંડાડુંગર વિસ્તારમાં આવેલા એક મકાને લઈ ગયો હતો.

મહિલા આરોપી રેખાબેન અને તેના પરિચિત મહિલા અલ્પાબેન ઉર્ફે ભુરીએ આ મકાનમાં સગીરાને ચાર દિવસ સુધી રાખી અલગ-અલગ ગ્રાહકોને બોલાવી પરાણે શરીર સંબંધ બાંધવા મજબૂર કરી હતી. આ દરમિયાન રેખાબેન ગ્રાહકો પાસેથી મોટા પ્રમાણમાં રૂપિયા



વસૂલ કરતી હતી અને સગીરાને માત્ર રૂ. ૫૦૦ આપતી હતી. ગત તા. ૧૪ સપ્ટેમ્બરના રોજ સાંજે રેખાબેન સગીરાને ઘરે મૂકી ગઈ હતી અને તેની માતાને કેટરિંગના કામમાં લઈ ગઈ હોવાનું કહી રૂ. ૫૦૦ આપી છટકી ગઈ હતી.

સગીરા અચાનક ગાયબ થતાં તેના પાડોશીએ પરિવારને જાણ કરી હતી કે રેખાબેન સાગઠીયા તેને પોતાની સાથે લઈ ગઈ છે. બાદમાં પરિવારજનોએ સગીરાને વિશ્વાસમાં લઈ પૂછપરછ કરતા તેણે રડતાં-રડતાં પોતાની સાથે થયેલી સમગ્ર આપવીતી જણાવી હતી. આ અંગે સગીરાના પરિવારે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આજીડેમ પી.આઈ. એચ. એન. પટેલ, પીએસઆઈ ડી. કે. ધાંધલા અને તેમની ટીમે તાત્કાલિક દરોડો પાડી ગુનામાં સંડોવાયેલી બંને મહિલા આરોપીઓની ધરપકડ કરી હતી. પોલીસે આરોપીઓમાં રેખાબેન મહેશભાઈ ભલાભાઈ સાગઠીયા (ઉ.વ. ૨૯, ધંધોઃ ઘરકામ, રહે. વિશ્વકર્મા સોસાયટી, બાપા સીતારામની મઢુલી પાસે, પુનિતનગર પાણીના ટાંકાની સામે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ) તથા અલ્પાબેન ઉર્ફે ભુરીબેન મહેશભાઈ રમેશભાઈ ગળચર (ઉ.વ. ૪૩, ધંધોઃ ઘરકામ, રહે. માંડાડુંગર, શિવમપાર્ક શેરી નંબર-૦૧, સદગુરૂ પાર્કની બાજુમાં, રાજકોટ)ને પકડી વધુ તપાડ શરૂ કરી છે. આજીડેમ પોલીસે બંને મહિલાઓ સામે પોક્સો અને ધી ઈમોરલ ટ્રાફિકિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

---

# ભર ચોમાસે રાજકોટ તરસ્યું

### પંપિંગ-લાઈન રિપેરિંગના નામે ૧૪ લાખ નાગરિકો રામ ભરોસે!

રાજકોટ, તા. ૧૬

રાજકોટ મહાનગરપાલિકાના નબળા આયોજન અને કચરપટ્ટી નીતિને કારણે શહેર પર ૬ દિવસના ભયાનક પાણીકાપનું સંકટ ઘેરાયું છે. એક તરફ ડેમોના તળિયા દેખાઈ રહ્યા છે અને બીજી તરફ મુખ્ય ૩ લાઈનોના સમારકામનું બહાનું ધરીને ૧૬ થી ૨૧ સપ્ટેમ્બર સુધી તમામ ૧૮ વોર્ડમાં તબક્કાવાર પાણી બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. ચોમાસાની ઋતુમાં જ ૧૪ લાખ લોકોને ટીપે-ટીપા પાણી માટે વલખાં મારવા પડે તેવી સ્થિતિ સર્જાતા તંત્ર સામે જનરોષ ફાટી નીકળ્યો છે.

સોમવારથી શરૂ થયેલા પાણીકાપના પહેલા જ દિવસે વોર્ડ નં. ૫ માં સ્થિતિ બેકાબૂ બની હતી. શિવમનગર અને આસપાસના વિસ્તારોમાં નળમાંથી એક બોપ પાણી પણ ન આવતાં મહિલાઓ રોષે ભરાઈ હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, તંત્ર દ્વારા આટલા મોટા પાણીકાપ અંગે પૂર્વ જાણ કરવાની સૌજન્યતા પણ દાખવવામાં આવી નહોતી. ગૃહિણીઓ સવારે ૫:૩૦ વાગ્યે પાણીની રાહ જોઈને ઉભી રહી પણ હાથમાં માત્ર નિરાશા જ આવી હતી. સ્થાનિક રહીશ સવિતાબેને રોષ ઠાલવતા જણાવ્યું હતું કે, અમારા વિસ્તારમાં પાણી આવતું જ નથી, અને આવે તો પણ માત્ર ૫ થી ૧૦ મિનિટ જ પ્રેશર વગરનું આવે છે. હાલ ભરપૂર ચોમાસું ચાલે છે છતાં પાણી નથી મળતું, તો ઉનાળામાં અમારી શું હાલત થશે? અમારા ઘરના સભ્યો મજૂરી કરીને સમયસર વેરો ભરે છે છતાં પ્રાથમિક સુવિધા નથી મળતી. જો હવે દરરોજ સવારે ૫:૩૦ વાગ્યે એક સરખા સમયે ઓછામાં ઓછી ૩૦ મિનિટ પૂરતા પ્રેશરથી પાણી આપવામાં નહીં આવે, તો અમે મહાનગરપાલિકાને વેરો ભરવાનું સાવ બંધ કરી દેશું.

બીજી તરફ શિલ્પાબેને પોતાની વ્યથા વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષથી આ વિસ્તારમાં પાણીની ગંભીર સમસ્યા છે. અનેક રજૂઆતો કરવા છતાં સમયે પાણી આવતું નથી. પાણીનો ફોર્સ એટલો ધીમો હોય છે કે ઈલેક્ટ્રિક મોટર ચાલુ કરીએ ત્યારે જ માંડ પાણી આવે છે. ઘરના બોર પણ સાવ ખરાબ થઈ ગયા હોવાથી પીવા માટે પાણીનો કોઈ વિકલ્પ બચ્યો નથી. તંત્ર દ્વારા આજે પાણીકાપ છે તેની કોઈ પૂર્વ જાણ પણ કરવામાં આવી નહોતી, જેના કારણે સવારે ૫:૩૦ વાગ્યે ઉઠીને જોયું ત્યારે ખબર પડી કે પાણી આવવાનું જ નથી. મનપાના શાસકો દર વખતે 'એક્સપ્રેસ ફીડર લાઈન' અને 'નર્મદાનું પાણી ઠાલવવાની' મોટી મોટી વાતો કરે છે, પણ જમીની હકીકત એ છે કે નાગરિકો બૂંદ-બૂંદ પાણી માટે તરસાઈ રહ્યા છે. ૧૬ થી ૨૧ સપ્ટેમ્બર દરમિયાન અલગ-અલગ વિસ્તારોમાં તબક્કાવાર પાણી કાપ મુકાયો છે.

---

### ચાર કરૂણ ઘટનાઓમાં અલગ અલગ પરિવારોના સ્વજનો દુનિયા છોડી ગયા

# પજવણીથી પરેશાન તરૂણીનો ઝેર પી આપઘાત

### પરણિતા, યુવાન અને પ્રૌઢ મહિલાના બેભાન થયા બાદ જીવ ગયા : યુવાને મરવા માટે ઝેર પીધું પણ સારવાર મળતાં બચી ગયો

રાજકોટ તા. ૧૬

અપમૃત્યુના વધુ ચાર બનાવોમાં અલગ અલગ પરિવારોએ પોતાન સ્વજનોને ગુમાવી દેતાં અરેરાટી વ્યાપી ગઇ હતી. એક કિસ્સામાં એક સત્તર વર્ષની સગીરાએ ઝેર પી જીવ આપી દીધો હતો. આ સગીરાને તેના મુળ વતન મધ્યપ્રદેશથી એક શખ્સ ફોન કરી હેરાન પરેશાન કરતો હોવાથી તેણી આ પગલુ ભરવા મજબૂર થયાનું જણાવાતાં પોલીસે તપાસ શરૂ કરી હતી. અન્ય ત્રણ બનાવમાં બેભાન હાલતમાં યુવાન, પરિણીતા અને એક પ્રૌઢ વયના મહિલાના મૃત્યુ થયા હતાં. અન્ય એક કિસ્સામાં એક યુવાને મરી જવા માટે ઝેર પી લીધુ હતું. પરંતુ સારવારમાં ખસેડાતાં જીવ બચીગયો હતો.

પ્રથમ ઘટના જોઇએ તો પોરબંદરના રાણાવાવના બાપોદર ગામે માતા-પિતા સાથે વાડીમાં રહી મજૂરી કરતી મુળ મધ્યપ્રદેશની સત્તર વર્ષની સગીરાએ ત્રણ દિવસ પહેલા વાડીએ ઝેર પી લીધુ હતું. તેનું સારવાર દરમિયાન રાજકોટમાં મોત થયું છે. એમપીથી કોઇ છોકરો તેણીને ફોન કરી હેરાન કરતો હોઇ આ પગલુ ભર્યાનું સગાએ જણાવ્યું હતું.બાપોદર ગામે માલદેભાઇ ભીમાભાઇની વાડીમાં પરિવાર સાથે રહી મજુરી કરતી મુળ મધ્યપ્રદેશની સત્તર વર્ષની રેજી છગનભાઇ મસાલીયાએ તેરમી તારીખે વાડીએ ઝેરી દવા પી જતાં સારવાર માટે પોરબંદર અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં રાણાવાવ પોલીસને જાણ કરવામાં આવી હતી.

રાજકોટ સારવાર દરમિયાન તેણીનું મૃત્યુ થતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે રાણાવાવ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર રેજી માતા-પિતાની એકની એક દિકરી હતી. તેણીના માતાએ કહ્યુ હતું કે એમપીમાં સગામાં થતો એક છોકરો તેણીને સતત ફોન કરી હેરાન પરેશાન કરતો હોઇ કંટાળી જતાં તેણીએ ઝેરી દવા પી લીધી હતી. ખરેખર શું બન્યું? તે અંગે રાણાવાવ પોલીસ તપાસ કરે યથાવત રાખી હતી.

અપમૃત્યુની અન્ય ત્રણ ઘટના જોઇએ તો સંત





કબીર રોડ પર રાજારામ સોસાયટીમાં રહેતાં તેત્રીસ વર્ષના પૂજાબેન સતિષભાઇ પાટડીયા રાતે બેભાન થઇ જતાં સિવિલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ અંતિમશ્વાસ લીધા હતાં. તેમને સંતાનમાં બે પુત્ર છે. પતિ ઈમિટેશનનું કામ કરે છે. તેમને કીડનીની બિમારી હોવાનું સગાએ જણાવ્યું હતું. બનાવથી પરિવારજનોમાં ગમગીની વ્યાપી ગઇ હતી.

બીજા બનાવમાં રૂખડીયાપરા રાજીવનગરમાં વાયરલેસ ઓફિસ પાછળ રહેતાં માવજીભાઇ મોહનભાઇ પનારકર નામના બેતાલીસ વર્ષના યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ દમ તોડી દીધો હતો. તેઓ મુળ મહારાષ્ટ્રના વતની હતાં. વર્ષોથી અહિ રહેતાં હતાં અને મોચી બજાર શાક માર્કેટમાં બકાલુ વેંચી ગુજરાન ચલાવતાં હતાં. તે ચાર ભાઇ અને બે બહેનમાં બીજા હતાં. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. સગાના કહેવા મુજબ તેમને કમળો થયો હતો અને તેમાંથી કમળી થઇ ગયા બાદ તબિયત બગડી હતી અને મૃત્યુ થયું હતું.

જ્યારે બનાવમાં ઠક્કરબાપા હરિજનવાસ-૧માં રહેતાં ચોપન વર્ષના ગીતાબેન વજાભાઇ ચુડાસમા ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. પોતે આરએમસીમાં સફાઇ કામદાર હતાં. બે વર્ષથી ડાયાબીટીશ સહિતની બિમારી હોઇ તેના કારણે મૃત્યુ થયાનું સગાએ કહ્યું હતું. ત્રણેય બનાવમાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે પ્ર.નગર અને બી-ડિવીઝન પોલીસને જાણ કરતાં મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસે મૃતદેહોના પોસ્ટમોર્ટમ કરાવ્યા હતાં. આમ ચાર પરિવારોએ સ્વજનો ગુમાવી દીધા હતાં.

પાંચમી ઘટના જોઇએ તો રાજકોટ તા. ૧૬ઃ વાંકાનેરના હસનપર ગામે શક્તિપરામાં રહેતાં હરેશભાઇ હમીરભાઇ રોજાસરા નામના યુવાને સત્યાવીસ વર્ષના યુવાને કપાસમાં છાંટવાની દવા પી આપઘાતનો પ્રયાસ કરતાં વાંકાનેર સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં દાખલ કરાયો હતો. સારવાર બાદ તેનો જીવ બચી ગયો હતો. આપઘાતનો પ્રયાસ કરનાર હરેશભાઇ કારખાનામાં મજુરી કરે છે. તે ચાર ભાઇ અને એક બહેનમાં નાનો છે. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. તે બેભાન હોઇ પરિવારજનો કારણ પુછી શક્યા નથી. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં વાંકાનેર સીટી પોલીસે તપાસ હાથ ધરી હતી.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT. THIS DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.

INFRAX RENEWABLE LTD.

# INFRAX RENEWABLE LIMITED

**CIN: U43222GJ2024PLC155272**

Our Company was originally formed as a partnership firm under the name of "Infrax International" pursuant to a deed of partnership dated April 27, 2019, as amended from time to time. Further, Infrax International was converted into a public limited company "Infrax Renewable Limited" and a fresh Certificate of Incorporation dated September 23, 2024 was issued by Registrar of Companies, Central Registration Centre. The Corporate Identification Number of our Company is U43222GJ2024PLC155272. For further details on Incorporation and Registered Office of our Company, see "History and Certain Corporate Matters" beginning on page 166 of this Prospectus.

**Registered Office:** 402-403, R K Prime 2, Mahapuja Dham Chok, 150 Feet Road, Malviyanagar, Rajkot, Gujarat, India, 360004.
**Telephone:** +917874074000 | **Email:** investor@infraxrenewable.com | **Website:** https://infraxrenewable.com ;
**Contact Person:** Ms. Shreya Siddhartha Mehta, Company Secretary and Compliance Officer

## THE PROMOTERS OF OUR COMPANY ARE MR. BHARGV ASHVINBHAI VACHHANI, MR. GANDHI BHAVIK TARUNKUMAR AND MS. KHUSHBOO BHARGAV VACHHANI

"THE OFFER IS BEING MADE IN ACCORDANCE WITH CHAPTER IX OF THE SEBI ICDR REGULATIONS (IPO OF SMALL AND MEDIUM ENTERPRISES) AND THE EQUITY SHARES ARE PROPOSED TO BE LISTED ON SME PLATFORM OF BSE (BSE SME)."

## BASIS OF ALLOTMENT

**INITIAL PUBLIC OFFER OF 39,31,200 EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH (THE "EQUITY SHARES") OF INFRAX RENEWABLE LIMITED ("OUR COMPANY" OR "INFRAX" OR "THE ISSUER") AT AN OFFER PRICE OF ₹ 104/- PER EQUITY SHARE FOR CASH, AGGREGATING UP TO ₹ 4,088.45 LAKHS COMPRISING OF FRESH OFFER OF 32,50,800 EQUITY SHARES AGGREGATING TO ₹ 3,380.83 LAKHS ("FRESH OFFER") AND AN OFFER FOR SALE OF 6,80,400 EQUITY SHARES BY PROMOTERS ("SELLING SHAREHOLDERS") AGGREGATING TO ₹ 707.62 LAKHS ("OFFER FOR SALE") ("PUBLIC OFFER"). THE OFFER INCLUDES A RESERVATION OF 1,99,200 EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH, AT AN OFFER PRICE OF ₹ 104/- PER EQUITY SHARE FOR CASH, AGGREGATING ₹ 207.17 LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY THE MARKET MAKER TO THE OFFER (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE PUBLIC OFFER LESS MARKET MAKER RESERVATION PORTION I.E. NET OFFER OF 37,32,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹10/- EACH, AT AN OFFER PRICE OF ₹ 104/- PER EQUITY SHARE FOR CASH, AGGREGATING TO ₹ 3,881.28 LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET OFFER". THE PUBLIC OFFER AND NET OFFER WILL CONSTITUTE 27.61 % AND 26.22 % RESPECTIVELY OF THE POST- OFFER PAID-UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.**

## OFFER PRICE: ₹ 104.00/- PER EQUITY SHARE OF FACE VALUE ₹ 10/- EACH.
## THE OFFER PRICE IS 10.4 TIMES OF THE FACE VALUE

| OFFER PROGRAM | |
|---|---|
| | OFFER OPENED ON: WEDNESDAY, SEPTEMBER 09, 2026 |
| | OFFER CLOSED ON: FRIDAY, SEPTEMBER 11, 2026 |

### RISKS TO INVESTORS

1. **Risk to Investors: Top 5 Risk factors:**
   a) Our Company has been recently formed by conversion of the erstwhile partnership firm into the company; thus, we have limited operating history as a Company which may make it difficult for investors to evaluate our historical performance or future prospects
   b) Our business is dependent on the continued availability of government policies, subsidies, incentives and other support mechanisms applicable to the solar sector. Any withdrawal, reduction, delay, adverse regulatory development or unfavourable modification of such policies, subsidies or incentives may adversely affect demand for our products and services, impact profitability, and consequently have a material adverse effect on our business, results of operations, cash flows and financial condition.
   c) We depend on our dealers for a significant portion of our revenue, and any decrease in revenues or sales from any one of our dealers may adversely affect our business and results of operations.
   d) We generate our major portion of turnover from our operations in certain geographical regions and any adverse developments affecting our operations in these regions could have an adverse impact on our revenue and results of operations.
   e) Our business is dependent on the sale of our products and providing rooftop and ground-mounted solar projects services to certain key customers. The loss of any of these customers or loss of revenue from sales to these customers could have a material adverse effect on our business, financial condition, results of operations and cash flow.
2. The Equity Shares have never been publicly traded and after the Offer, the Equity Shares may experience price and volume fluctuations, and an active trading market for the Equity Shares may not develop. Further, the price of the Equity Shares may be volatile, and you may be unable to resell the Equity Shares at or above the Offer Price, or at all.
3. The Merchant Banker associated with the Issue has handled following public issues in the past three years which have closed below the Issue Price on Listing date:

| Name of Lead Manager | Total Issues | | Issues that closed below IPO price as on listing date |
|---|---|---|---|
| | Main Board | SME | |
| Smart Horizon Capital Advisors Private Limited | 02 | 26 | 06 |

4. The average cost of acquisition of Equity Shares by our Promoters is as follows:

| Sr. No. | Name | No of Equity Shares held | Average cost of Acquisition (in ₹)* |
|---|---|---|---|
| **Promoters** | | | |
| 1 | Mr. Bhargv Ashvinbhai Vachhani | 47,60,000 | 1.25 |
| 2 | Mr. Gandhi Bhavik Tarunkumar | 19,20,000 | 1.25 |
| 3 | Ms. Khushboo Bhargav Vachhani | 7,60,000 | 1.25 |

**As certified by Statutory Auditor of our Company, by way of their certificate dated September 02, 2026.*

5. **Weighted average cost of acquisition during the 18 months preceding the date of the Prospectus:**

| Period | Weighted Average Cost of Acquisition (in ₹) * | Offer Price is '104.00' times the Weighted Average Cost of Acquisition |
|---|---|---|
| Weighted average cost of acquisition of primary issuances | 89.81/- | 1.16 |
| Weighted average cost of acquisition for secondary transactions | 10/- | 10.4 |

** As certified by M/s. HTA & Associates, Chartered Accountants, by way of their certificate dated September 02, 2026*

The Offer was being made through the Fixed Price process, in terms of Rule 19(2)(b)(i) of the SCRR this Offer is being made for at least 25% of the post-Offer paid-up Equity Share capital of our Company. This Offer is being made through Fixed Price process in accordance and compliance with Chapter IX and other applicable provisions of SEBI ICDR Regulations wherein a minimum 50% of the Net Offer is allocated for Individual Investors who applies for minimum application size and the balance shall be offered to individual applicants other than Individual Investors who applies more than minimum application size and other investors including corporate bodies or institutions, QIBs and Non-Institutional Investors. However, if the aggregate demand from the Individual Investors is less than 50%, then the balance Equity Shares in that portion will be added to the other than Individual Investors portion offered to the remaining investors including QIBs and NIIs and vice-versa subject to valid applications being received from them at or above the Offer Price. Additionally, if the Individual Investors category is entitled to more than 50% on proportionate basis, the Individual Investors shall be allocated that higher percentage. All potential investors shall participate in the Offer only through an Application Supported by Blocked Amount ("ASBA") process including through UPI mode (as applicable) by providing details of the respective bank accounts and / or UPI IDs, in case of UPI Applicants, if applicable, which will be blocked by the Self Certified Syndicate Banks (**"SCSBs"**) for the same. For details in this regard, specific attention is invited to ***"Offer Procedure"*** beginning on page 302 of this Prospectus.

The Offer was subscribed to the extent of 3.06 times as per the bid books of BSE (the "Bid Files") after removing multiple and duplicate bids.

The Offer received 1,781 applications for 79,06,800 Equity Shares before technical rejections and after invalid bids Multiple/Duplicate/bids, UPI Mandates not accepted by investors, bids rejected under application banked but bid not registered resulting in 2.01times subscription (including reserved portion of market maker). The Details of the Applications received from various categories (before technical rejection) are as under:

Detail of the Applications Received:

6. **Details of weighted average cost of acquisition of Equity Shares of our Promoters**

| Sr. No. | Category | Number of Applications | No. of Equity Shares applied | Equity Shares Reserved as per Prospectus | No. of times Subscribed | Amount (₹) |
|---|---|---|---|---|---|---|
| 1 | Market Maker | 1 | 1,99,200 | 1,99,200 | 1.00 | 2,07,16,800 |
| 2 | Individual Investors | 1,506 | 36,14,400 | 18,81,600 | 1.92 | 19,56,86,400 |
| 3 | Other than Individual Investors | 274 | 40,93,200 | 18,50,400 | 2.21 | 19,24,41,600 |
| **Total** | | **1,781** | **79,06,800** | **39,31,200** | **2.01** | **40,88,44,800** |

The Basis of Allotment was finalized in consultation with the Designated Stock Exchange – BSE on Tuesday, September 15, 2026

1) **Allocation to Market Maker (After Technical Rejections):** The Basis of Allotment to Market Maker, who have bid at Offer Price of ₹ 104/- per equity shares or above, was finalized in consultation with BSE. The category was subscribed by 1.00 time i.e., for 1,99,200 shares the total number of shares allotted in this category is 1,99,200 Equity Shares. The category wise details of the Basis of Allotment are as under:

| Sr. No. | No. of Shares Applied for (Category wise) | No. of Applications Received | % of Total | Total No. of Equity Shares applied in this category | % to Total | No. of Equity Shares allocated/ allotted per Applicant | Ratio | Total Number of shares allotted | Surplus/ Deficit |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 1,99,200 | 1 | 100.00 | 1,99,200 | 100.00 | 100.00 | 1:1 | 1,99,200 | 0.00 |
| **Total** | | **1** | **100.00** | **1,99,200** | | **100.00** | | **1,99,200** | **0.00** |

2) **Allocation to individual investors (After Technical Rejections):** The Basis of Allotment to individual investors, who have bid at cut-off Price or at or above the Offer Price of ₹ 104.00 per equity shares, was finalized in consultation with BSE. The category was subscribed By 1.90 times i.e., for 35,68,800 Equity Shares the total number of shares allotted in this category is 18,81,600 Equity Shares to 784 successful applicants. The category wise details of the Basis of Allotment are as under:

| Sr. No. | No. of Shares Applied for (Category wise) | No. of Applications Received | % of Total | Total No. of Equity Shares applied in this category | % to Total | Proportionate shares available | No. of Equity Shares allocated/ allotted per Applicant | Ratio | Total Number of shares allotted |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2,400 | 1,487 | 100.00 | 35,68,800 | 100.00 | 18,81,600 | 2,400 | 784:1487 | 18,81,600 |
| **Total** | | **1,487** | **100.00** | **35,68,800** | **100.00** | **18,81,600** | - | - | **18,81,600** |

3) **Allocation to Other than Individual Investors (After Technical Rejections):** The Basis of Allotment to Other than Individual Investors, who have bid at Offer Price of ₹ 104.00 per equity shares or above, was finalized in consultation with BSE. The category was subscribed by 2.20 times i.e., for 40,77,600 shares the total number of shares allotted in this category is 18,50,400 Equity Shares to 270 successful applicants. The category wise details of the Basis of Allotment are as under:

| Sr. No. | No. of Shares Applied for (Category wise) | No. of Applications Received | % of Total | Total No. of Equity Shares applied in this category | % to Total | No. of Equity Shares allocated/ allotted per Applicant | Ratio | Total Number of shares allotted | Surplus/ Deficit |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 3600 | 215 | 79.63 | 774000 | 18.98 | 774000 | 1:1 | 774000 | 0 |
| 2 | 4800 | 9 | 3.33 | 43200 | 1.06 | 35455 | 1:1 | 32400 | -3055 |
| 3 | 4800 | | 0.00 | | 0.00 | | 3:9 | 3600 | 3600 |
| 4 | 6000 | 3 | 1.11 | 18000 | 0.44 | 12837 | 1:1 | 10800 | -2037 |
| 5 | 6000 | | 0.00 | | 0.00 | | 2:3 | 2400 | 2400 |
| 6 | 9600 | 6 | 2.22 | 57600 | 1.41 | 31783 | 1:1 | 28800 | -2983 |
| 7 | 9600 | | 0.00 | | 0.00 | | 2:6 | 2400 | 2400 |
| 8 | 10800 | 21 | 7.78 | 226800 | 5.56 | 118366 | 1:1 | 100800 | -17566 |
| 9 | 10800 | | 0.00 | | 0.00 | | 15:21 | 18000 | 18000 |
| 10 | 13200 | 1 | 0.37 | 13200 | 0.32 | 6315 | 1:1 | 6000 | -315 |
| 11 | 14400 | 1 | 0.37 | 14400 | 0.35 | 6655 | 1:1 | 7200 | 545 |
| 12 | 30000 | 1 | 0.37 | 30000 | 0.74 | 11067 | 1:1 | 10800 | -267 |
| 13 | 36000 | 1 | 0.37 | 36000 | 0.88 | 12764 | 1:1 | 13200 | 436 |
| 14 | 39600 | 1 | 0.37 | 39600 | 0.97 | 13783 | 1:1 | 13200 | -583 |
| 15 | 43200 | 1 | 0.37 | 43200 | 1.06 | 14801 | 1:1 | 14400 | -401 |
| 16 | 70800 | 1 | 0.37 | 70800 | 1.74 | 22607 | 1:1 | 22800 | 193 |
| 17 | 93600 | 1 | 0.37 | 93600 | 2.30 | 29056 | 1:1 | 28800 | -256 |
| 18 | 97200 | 1 | 0.37 | 97200 | 2.38 | 30074 | 1:1 | 30000 | -74 |
| 19 | 144000 | 1 | 0.37 | 144000 | 3.53 | 43311 | 1:1 | 43200 | -111 |
| 20 | 192000 | 1 | 0.37 | 192000 | 4.71 | 56888 | 1:1 | 56400 | -488 |
| 21 | 193200 | 1 | 0.37 | 193200 | 4.74 | 57227 | 1:1 | 57600 | 373 |
| 22 | 291600 | 1 | 0.37 | 291600 | 7.15 | 85059 | 1:1 | 85200 | 141 |
| 23 | 400800 | 1 | 0.37 | 400800 | 9.83 | 115945 | 1:1 | 116400 | 455 |
| 24 | 625200 | 1 | 0.37 | 625200 | 15.33 | 179415 | 1:1 | 178800 | -615 |
| 25 | 673200 | 1 | 0.37 | 673200 | 16.51 | 192992 | 1:1 | 193200 | 208 |
| **GRAND TOTAL** | | **270** | **100.00** | **4077600** | **100.00** | **1850400** | | **1850400** | **0** |

The Board of Directors of the Company at its meeting held on September 15, 2026 has approved the Basis of Allocation of Equity Shares as approved by the Designated Stock Exchange viz. BSE and has authorized the corporate action for Offer of the Equity Shares to various successful applicants.

The CAN-cum-allotment advices and/or notices will forward to the email id's and address of the Applicants as registered with the depositories / as filled in the application form on or before September 16, 2026. Further, the instructions to Self-Certified Syndicate Banks for unblocking the amount will process on or prior September 16, 2026. In case the same is not received within ten days, investors may contact at the address given below. The Equity Shares allocated to successful applicants are being credited to their beneficiary accounts subject to validation of the account details with the depositories concerned. The Company is taking steps to get the Equity Shares admitted for trading on the BSE SME within Three working days from the date of the closure of the Offer.

### CORRIGENDUM TO THE PROSPECTUS FILED WITH REGISTRAR OF COMPANIES, AHMEDABAD, ON SEPTEMBER 03, 2026

This Corrigendum is with reference to the Prospectus filed on September 03, 2026. In this regard, please note the following:

Under the Chapter titled "Our Promoters and Promoter Group" on page 186 of the Prospectus under the heading "Companies with which the Promoters have disassociated in the last three years" the names of "Infrax Solar LLP" and "Infrax Foods LLP" shall be added in the existing table as below-

| Name of the Company / Firm | Name of the Promoter(s) | Reason for Disassociation | Date of Disassociation |
|---|---|---|---|
| Infrax Solar LLP | Mr. Bhargv Ashvinbhai Vachhani | Cessation from directorship | August 28, 2025 |
| | Mr. Gandhi Bhavik Tarunkumar | | |
| Infrax Foods LLP | Mr. Bhargv Ashvinbhai Vachhani | Strike off | February 09, 2026 |
| | Mr. Gandhi Bhavik Tarunkumar | | |

***Note:*** *All capitalized terms used and not defined herein shall have the respective meanings assigned to them in the Prospectus dated September 03, 2026 ("Prospectus") filed with Registrar of Companies, Ahmedabad.*

### INVESTORS, PLEASE NOTE

The details of the allotment made would also be hosted on the website of the Registrar to the issue, **BIGSHARE SERVICES PRIVATE LIMITED** at www.bigshareonline.com. All future correspondence in this regard may kindly be addressed to the Registrar to the Offer quoting full name of the First/ Sole applicants, serial number of the Bid cum Application Form, number of shares applied for and Bank Branch where the application had been lodged and payment details at the address of the Registrar given below:

### REGISTRAR TO THE ISSUE

Bigshare Services Pvt. Ltd.

**BIGSHARE SERVICES PRIVATE LIMITED**
**Address:** Office No. S6-2, 6th Floor, Pinnacle Business Park, next to Ahura Centre, Mahakali Caves Road, Andheri East, Mumbai – 400 093, Maharashtra, India. | **Tel No:** 022 - 6263 8200
**Email:** ipo@bigshareonline.com | **Website:** www.bigshareonline.com
**Investor Grievance Email Id:** investor@bigshareonline.com
**Contact Person:** Mr. Babu Rapheal C. | **SEBI Registration Number:** INR000001385

**For Infrax Renewable Limited**

Sd/-
**Mr. Bhargv Ashvinbhai Vachhani**
**Designation:** Managing Director
**DIN:** 09108501

**Date:** September 16, 2026
**Place:** Rajkot

**THE LEVEL OF SUBSCRIPTION SHOULD NOT BE TAKEN TO BE INDICATIVE OF EITHER THE MARKET PRICE OF THE EQUITY SHARES ON LISTING OR THE BUSINESS PROSPECTS OF INFRAX RENEWABLE LIMITED.**

***Infrax Renewable Limited*** *is proposing, subject to market conditions, public Offer of its equity shares and has filed the Prospectus with the Registrar of Companies, Ahmedabad. The Prospectus is available on the website of SEBI at www.sebi.gov.in, the website of the Lead Manager at www.shcapl.com website of the BSE at www.bseindia.com and website of Issuer Company at https://infraxrenewable.com . Investors should note that investment in Equity Shares involves a high degree of risk. For details, investors shall refer to and rely on the Prospectus including the section titled "Risk Factors" beginning on page 22 of the Prospectus, which has been filed with ROC. The Equity Shares have not been and will not be registered under the US Securities Act (the "Securities Act") or any state securities law in United States and may not be Issued or sold within the United States or to, or for the account or benefit of, "U.S. persons" (as defined in the Regulation S under the Securities Act), except pursuant to an exemption from, or in a transaction not subject to the registration requirements of the Securities Act of 1933.*

AdBaaz

# અનન્ય અકલ્પનીય

## મોદીજીનું નેતૃત્વ નિરંતર અજેય અને તીવ્ર પ્રભાવી



આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીનો જન્મ દિન ધામધુમથી ઉજવાઈ રહ્યો છે. તેઓનું નેતૃત્વ અનન્ય છે અને અકલ્પનીય છે. ગુજરાતના મુખ્યપ્રધાન બન્યા બાદ તેઓ નિરંતર અજેય રહ્યા છે અને તીવ્ર પ્રભાવી બની રહ્યા છે. તેમની સત્તાયાત્રાના અઢી દાયકા થયા, પક્ષમાં કે વિપક્ષમાં તેમનો વિકલ્પ કોઇ બની શકતું નથી. ગામડાના સરપંચની ચૂંટણીથી માંડીને અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીમાં મોદિત્વ પ્રભાવી ભૂમિકા ભજવે છે, તે તેઓના પ્રભાવની અમર્યાદ રેન્જ દર્શાવે છે. અકલ્પનીય ઉર્જાના કારણે મોદીજી માટે દિવ્ય શક્તિ સક્રિય હોવાનું ઘણાં માને છે. સતા પર રહીને અતિ કઠીન નિર્ણયો સહજતાથી પાર પાડે છે. ૩૭૦મી કલમ, ત્રણ તલાક, રામ મંદિર વગેરે જેવા અતિ જોખમી મુદે પણ નિર્ણાયક કાર્યો કરી દેખાડ્યા છે.

વડાપ્રધાન મોદીજીના જન્મદિન નિમિત્તે દેશભરમાં વિવિધ કલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ખાસ પ્રસંગે રાજકોટમાં ભાજપ દ્વારા એક લાખ દીવડાઓનું વિતરણ કરવાનો એક અનોખો અને ભવ્ય નિર્ણય લેવામાં આવ્યો છે. આ પહેલથી સમગ્ર શહેરમાં ઉત્સવનો માહોલ સર્જાયો છે. દીવડાઓ દ્વારા ઘર-ઘરમાં રોશની ફેલાવવાનો આ પ્રયાસ તેમના પ્રજાપ્રિય નેતૃત્વની ઝાંખી કરાવે છે.

મોદીજીનું વ્યક્તિત્વ વૈવિધ્યપૂર્ણ છે. તેઓ માત્ર એક કુશળ રાજકારણી જ નથી, પરંતુ એક અસાધારણ સંઘટક અને દીર્ઘદ્રષ્ટા નેતા પણ છે. તેમનું કાર્ય પ્રત્યેનું સમર્પણ દરેક નાગરિક માટે પ્રેરણારૂપ છે. કઠોર શિસ્ત, અથાક પરિશ્રમ અને રાષ્ટ્રપ્રથમની ભાવના એ તેમના વ્યક્તિત્વના મુખ્ય પાસાં છે. તેમની વિચારસરણી સમય કરતાં આગળ રહે છે. તેઓ ટેકનોલોજી અને નવીનતાના ક્ષેત્રે દેશને સતત આગળ વધારી રહ્યા છે. તેમની વાણીમાં અદભુત આકર્ષણ અને આત્મવિશ્વાસ છે. તેમની સંબોધન શૈલી લાખો લોકોને સીધા સ્પર્શે છે.

ગરીબો, વંચિતો અને મહિલાઓના કલ્યાણ માટેની તેમની યોજનાઓએ કરોડો લોકોના જીવનમાં પરિવર્તન આણ્યું છે. વિશ્વમંચ પર ભારતની વૈશ્વિક છબીને મજબૂત કરવામાં તેમનું પ્રદાન અજોડ છે. વિદેશ નીતિમાં અગ્રેસર રહીને તેમણે ભારતને વિશ્વગુરુ બનાવવા તરફ અગ્રેસર કર્યું છે. તેમના આ વિશિષ્ટ વ્યક્તિત્વ અને દૂરંદેશી નિર્ણયોના પરિણામે જ આજે ભારત વિશ્વમાં એક શક્તિશાળી રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યું છે. તેમનું નેતૃત્વ આવનારી પેઢીઓ માટે હંમેશા પ્રેરણાદાયી બની રહેશે. વૈચારિક મતભેદો હોવા સહજ બાબત છે, પરંતુ મોદીજીના વિરોધીઓ પણ મોદીજીના વ્યક્તિગત પ્રભાવને અવગણી શકતા નથી, આ અસામાન્ય સિદ્ધિ ગણાય.

# સિંધુ જળ સંધિ પર હેગ કોર્ટના નિર્ણયને ભારતે નકાર્યો

## વિવાદ UNHRC સુધી પહોંચ્યો, પાકિસ્તાનમાં દુષ્કાળનો ખતરો

નવીદિલ્હી, તા.૧૬

ભારતે સિંધુ જળ સંધિ પર હેગ સ્થિત આંતરરાષ્ટ્રીય ન્યાયાલયના નિર્ણયને નકારી કાઢ્યો છે, જેના કારણે પાકિસ્તાન પાસે કોઈ વિકલ્પ બચ્યો નથી. સિંધુ જળ સંધિ ૧૯૬૦ માં હસ્તાક્ષરિત થઈ હતી અને લગભગ ૬૦ વર્ષ સુધી અમલમાં રહી. જોકે, ગયા વર્ષે પહેલગામ આતંકવાદી હુમલા બાદ, ભારતે સંધિને સ્થગિત કરી દીધી હતી. તાજેતરમાં, હેગ સ્થિત આર્બિટ્રેશન કોર્ટે ભારતના આ પગલાને ગેરબંધારણીય જાહેર કર્યો હતો, જેને નવી દિલ્હીએ સ્પષ્ટપણે નકારી કાઢ્યો છે. દરમિયાન, એક ભારતીય NGO દ્વારા સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ (UNHRC) માં સિંધુ જળ સંધિ (IWT) ની સમીક્ષાની માંગણી કરવામાં આવ્યા બાદ ઈસ્લામાબાદની ચિંતાઓ વધુ ઘેરી બની છે. ભારતીય ગત્રશ્ધ એ સિંધુ જળ સંધિ (IWT) ની સમીક્ષાની માંગણી કરી છે. તેમનો દલીલ છે કે, પ્રદેશમાં બદલાતી જળ સુરક્ષા પરિસ્થિતિને જોતાં, ભારત અને પાકિસ્તાન વચ્ચેના ૧૯૬૦ ના કરાર પર માનવ અધિકારના દૃષ્ટિકોણથી પુનર્વિચાર કરવાની જરૂર છે.



યુએન માનવ અધિકાર પરિષદ (UNHRC) ના ૬૩મા સત્રમાં પીવાના પાણી અને સ્વચ્છતાના માનવ અધિકારો પરના ખાસ સંવાદદાતા સાથેની વાતચીતના ભાગ રૂપે, દિલ્હી સ્થિત NGO એ જણાવ્યું હતું કે પાણીની પહોંચ જીવન, આરોગ્ય, ખોરાક, રહેઠાણ, ગૌરવ અને વિકાસના અધિકારો સાથે સીધી રીતે જોડાયેલી છે. યુએન દ્વારા સલામત અને સ્વચ્છ પીવાના પાણી અને સ્વચ્છતાને મૂળભૂત માનવ અધિકાર તરીકે માન્યતા આપવાનો ઉલ્લેખ કરતા, નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આંતરરાષ્ટ્રીય જળ સંધિઓનો અમલ એવી રીતે થવો જોઈએ કે જે દેશોની માનવ અધિકારની જવાબદારીઓ પૂર્ણ કરવાની ક્ષમતાને અવરોધે નહીં, પરંતુ મજબૂત બનાવે.

નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે હાલની સંધિઓનો અમલ રાજ્યોને તેમના અધિકારક્ષેત્રમાં સમુદાયો પ્રત્યેની તેમની જવાબદારીઓ પૂર્ણ કરવાથી અટકાવશે નહીં. સમુદાયો માટે પાણીની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ મૂળભૂત પ્રાથમિકતા હોવી જોઈએ અને સિંધુ જળ સંધિની સમીક્ષા કરવાની હાકલ કરી, તેની વર્તમાન રાજ્યવિહીનતાનો ઉલ્લેખ કર્યો. પાકિસ્તાને અગાઉ સંધિ હેઠળ પશ્ચિમી નદીઓના ઉપલા તટપ્રદેશમાં માળખાગત સુવિધાઓની ડિઝાઇન પર પ્રશ્ન ઉઠાવ્યો છે. ૨૦૨૨ પછી, ભારતે રાતલે અને કિશનગંગા જળવિદ્યુત પ્લાન્ટ સંબંધિત તટસ્થ નિષ્ણાતોની બેઠકોમાં ભાગ લીધો હતો. જોકે, એપ્રિલ ૨૦૨૫ માં પાકિસ્તાને એકપક્ષીય રીતે સંધિને સ્થગિત કરી દીધી ત્યારથી આ પ્રક્રિયા અટકી ગઈ છે. પાકિસ્તાન હવે દાવો કરે છે કે ભારતના નિર્ણયથી તેની નદીઓ જોખમમાં છે.

સંધિ હેઠળ, પાકિસ્તાનને સિંધુ, ઝેલમ અને ચિનાબ નદીઓમાંથી ૮૦% થી વધુ પાણી મળે છે. ભારતના મક્કમ વલણ અને બંધ બાંધકામ/સંગ્રહ પ્રોજેક્ટ્સે આ નદીઓના પ્રવાહને નિયંત્રિત કરવાની ભારતની ક્ષમતામાં વધારો કર્યો છે. પાકિસ્તાનની ૮૦% થી વધુ સિંચાઈવાળી ખેતી સિંધુ નદીના તટપ્રદેશ પર નિર્ભર છે. પાણીના પ્રવાહમાં કોઈપણ ઘટાડો અથવા અનિયમિતતા પંજાબ અને સિંધ પ્રાંતોમાં ઘઉં, ચોખા અને કપાસના પાકને સંપૂર્ણપણે નાશ કરી શકે છે.

# સરકારે EPF પર લીધો મોટો નિર્ણય

## પગાર મર્યાદા ૧૫,૦૦૦ થી વધારીને ૨૫,૦૦૦ કરાઈ

નવીદિલ્હી, તા. ૧૬

કેન્દ્ર સરકારે કર્મચારીઓ માટે એક મોટો નિર્ણય લીધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે EPFO હેઠળ ફરજિયાત કવરેજ માટે પગાર મર્યાદા ₹૧૫,૦૦૦ થી વધારીને ₹૨૫,૦૦૦ પ્રતિ માસ કરવાના પ્રસ્તાવને મંજૂરી આપી. બુધવારે કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે માહિતી આપી. તેમણે જણાવ્યું કે સરકારના મતે, આ નિર્ણય ૫.૧ મિલિયનથી વધુ વધારાના કર્મચારીઓને ફરજિયાત EPFO કવરેજ હેઠળ લાવી શકે છે. અશ્વિની વૈષ્ણવે સમજાવ્યું કે EPFO પગાર મર્યાદા લાંબા સમયથી યથાવત હતી. તે ૨૦૦૪ થી ૨૦૧૪ વચ્ચે યથાવત રહી. ત્યારબાદ, સપ્ટેમ્બર ૨૦૧૪ માં તેને વધારીને ₹૧૫,૦૦૦ પ્રતિ માસ કરવામાં આવી. હવે, લગભગ ૧૨ વર્ષ પછી, સરકારે તેને વધારીને ₹૨૫,૦૦૦ કરવાનો નિર્ણય લીધો છે. સરકાર જણાવે છે કે તાજેતરના વર્ષોમાં વધેલા વેતન, આવક વૃદ્ધિ અને ઔપચારિક રોજગારના વિસ્તરણને ધ્યાનમાં રાખીને આ ફેરફાર કરવામાં આવ્યો છે.




વર્તમાન સિસ્ટમ હેઠળ, ₹૧૫,૦૦૦ થી વધુ માસિક પગાર સાથે નોકરી શરૂ કરનાર કર્મચારી આપમેળે ફરજિયાત EPF કવરેજ હેઠળ આવરી લેવામાં આવતો ન હતો. નવી મર્યાદાના અમલીકરણ સાથે, ₹૧૫,૦૦૦ થી ₹૨૫,૦૦૦ પ્રતિ માસ કમાણી કરતા કર્મચારીઓનો મોટો હિસ્સો ફરજિયાત સામાજિક સુરક્ષા સિસ્ટમ હેઠળ આવરી લેવામાં આવશે. આનાથી કર્મચારીઓને લાગુ નિયમો અનુસાર વિવિધ સામાજિક સુરક્ષા લાભો મળશે. આ નિર્ણયથી સરકારી ખર્ચમાં પણ વધારો થશે. સત્તાવાર માહિતી અનુસાર, સરકારનો અંદાજિત વાર્ષિક ખર્ચ આશરે ₹૧૧,૩૩૯ કરોડ થશે. હાલમાં, સરકાર વાર્ષિક અંદાજે ₹૧૦,૨૫૦ કરોડ બજેટરી સપોર્ટ પૂરો પાડે છે. પાંચ વર્ષમાં કુલ ખર્ચ આશરે ₹૫૬,૬૯૬ કરોડ હોવાનો અંદાજ છે.

સરકારનું કહેવું છે કે EPFO પગાર મર્યાદા વધારવાથી ઔપચારિક રોજગારમાં વધુ વધારો થઈ શકે છે. વધુ કર્મચારીઓને EPFOના કાર્યક્ષેત્ર હેઠળ લાવીને, તેઓ લાંબા ગાળાની નિવૃત્તિ બચત અને સામાજિક સુરક્ષા પ્રાપ્ત કરશે. વધુમાં, વ્યાપક સામાજિક સુરક્ષા કવરેજ કર્મચારી જાળવણી, કાર્યબળ સ્થિરતા અને નોકરી સુરક્ષાને ટેકો આપી શકે છે. કેબિનેટની મંજૂરી બાદ, શ્રમ અને રોજગાર મંત્રાલય અને EPFO આ નિર્ણયને લાગુ કરવા માટે જરૂરી વૈધાનિક અને વહીવટી પ્રક્રિયાઓ પૂર્ણ કરશે. કેન્દ્ર સરકારે ઊડ્ત્રઙ્મ અને ઊડ્જ કવરેજ અંગે એક મોટો નિર્ણય લીધો છે. કેબિનેટે ફરજિયાત કવરેજ માટે પગાર મર્યાદા ₹૧૫,૦૦૦ થી વધારીને ₹૨૫,૦૦૦ કરી છે, જે વધુ કર્મચારીઓને સામાજિક સુરક્ષા લાભો પ્રદાન કરશે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## સંબંધ એક મોતી (બોધકથા)

### અનસૂયા બહેન વિદેશ શું કામ ગયાં? અને અનિલભાઈનો એની સાથે શું સંબંધ હતો?



હમણાં શ્રાદ્ધ પક્ષ ચાલે છે, જોકે આજે અગિયારસ છે, એટલે હવે ચાર દિવસમાં ઘર ઘર માતાજી પધારશે. જેમણે માતાપિતા જીવતાં માન આપ્યું હોય એણે, અને જીવતા હડધૂત કર્યા હોય એવાં, દરેકે પોતાનાં પિતૃઓનું શ્રાદ્ધ કે તર્પણ કર્યું હશે! બ્રાહ્મણ જમાડ્યાં હશે! દાન દક્ષિણા આપી હશે! કોઈ કોઈ તો તીર્થમાં જઈ નદી તટે વિધિવત પૂજા કરી પીંડ દાન દઈ શ્રાદ્ધ કર્યું હશે! પણ સાચવ્યા હોય એણે લાગણીથી શ્રાદ્ધ કર્યું, અને જેણે સાચવ્યા નથી એણે પિતૃ નડશે એવાં ભયથી શ્રાદ્ધ કર્યું હશે! કળિયુગ છે અને સંતાનો પોતાનાં માતાપિતાથી સ્વતંત્ર રહે, સંપત્તિ માટે ઝઘડો કરે કે પછી વૃદ્ધાશ્રમમાં મૂકી આવે, એવું તો બધાએ સાંભળ્યું હશે! પણ આ તો રુપિયા માટે ભલી ભોળી માતાને... , આજે આવો જ કિસ્સો બુધવારની બોધકથા.

આજે શ્રાદ્ધનું જમવા જવાનું હોવાથી રસોઈમાં થોડી નિરાંત હતી, અને હું એટલે કે નિરાલી ધોળકિયા છાપું વાંચવા બેઠી! આગલા પેજ પર તો એકનાં એક રાજકારણ અને યુદ્ધનાં સમાચાર હતાં, એટલે બીજા અને ત્રીજા પાનનાં સમાચાર વાંચતી હતી! ત્યાં એક સમાચારનું હેંડીંગ વાંચીને જ અરેરાટી થઈ ગઈ, કે દીકરી વેંચી હોય,બહેન વેંચી હોય, અને પત્ની વેચી હોય,એવા દાખલા તો સમાજે જોયા પણ હશે, અને ક્યાંક ક્યાંક વાંચ્યા પણ હશે. પરંતુ ''મા'' ને વેચી હોય એવો દાખલો તો કદાચ આ પ્રથમ હશે! વૃદ્ધાશ્રમમાં મુકી આવ્યાં હોય, તેવાં દાખલા તો હાલતાં ચાલતાં જોવા મળે છે, પણ સાવ આવું!!છાપાંમાં તો બીજા નામ સાથે આ કિસ્સો રજૂ કરવામાં આવ્યો હતો, પણ લેખિકા હોવાથી મેં એ સત્ય ઘટનાને નામ બદલીને એક વાર્તાનું રુપ આપ્યું...

એક દિવસ મોહિત સવારની ચા પીતો હતો, ત્યાં જ તેના એક મિત્રનો વિલાયતથી ફોન આવ્યો, અને વાતમાંથી વાત નીકળી, કે તેનાં એક મિત્રની પત્નીને ડીલીવરી આવવાની છે. પણ બંને પક્ષમાંથી કોઇ વડીલ હયાત નથી, એટલે ઇન્ડિયાથી કોઈ એ ઉંમરની સ્ત્રીને હાયર કરવા માંગે છે. આવવા જવાની ટિકીટ ઉપરાંત આઠ દસ મહિના રહેવા જમવાનું ફ્રી અને એક લાખ ડોલર રોકડા પણ આપશે. પછી તો આડી અવળી વાતચીત કરીને ફોન મૂકી દીધો. પણ મોહિતના મનમાં લાખ ડોલરનો મોહ પેસી ગયો, એને એમ થયું કે માને વિલાયત જોવાઈ જશે, અને આટલાં રૂપિયા પણ મળશે.

અનસુયાબેન એટલે કે મોહિતના મમ્મી બાળ વિધવા થયાં હતાં, અને એકનાં એક દીકરાને કેટલા સંઘર્ષ સાથે મોટો કર્યો, રૂપિયા પૈસાની તંગી હોવા છતાં પણ લાડકોડથી ઉછેર્યો હતો. ભલા ભોળા અનસુયાબેનની ભાવના સાથે તેના સગા દિકરા એ ધોકો કર્યો, અને પોતાનાં મિત્રની પત્નીને મદદરૂપ થવા જવાનું છે,એમ કરી પોતાની માતાને વિલાયત મોકલી દીધાં, અને એક લાખ ડોલર લઈ લીધા, અને પછી તો રુપિયાની ચકાચૌંધ માં માતા વિસરાઈ ગઈ, અને પાછી તેડાવવાનુ નામ જ લેતો નહોતો, એ લોકો સારા હતાં એટલે એક લાખ ડોલર તો દિકરો લઈ ગયો છે, એ ખબર પડતાં તે ઉપરાંત દર મહિને અમુક ડોલર આપતાં! અને મા બિચારી એમાંથી પણ અમુક દિકરાને મોકલતી. મોહિત પણ ઈમોશનલ બ્લેક મેઈલ કરી રુપિયા પડાવતો હતો! પણ અનસુયા બેનની તકદીર સારી હતી, એટલે એ દંપતીને જાણ થતાં એમણે તેને માતાનું સ્થાન અને માન આપ્યું! વિલાયતમાં દસ મોટેલ ધરાવતા એ અનિલ ભાઈ એ, નાનપણમાં માતા ગુમાવ્યા હતા, એટલે કાયદેસર તેમને દત્તક લીધા. તેમના આવ્યાં પછી અત્યાર સુધી ગર્ભ રહેવા છતાં, બાળક કોઈ ને કોઈ કારણસર જીવતું નહીં તે જીવી ગયું, ધંધામાં પણ ખૂબ નફો થયો,તેમણે બીજી પણ મોટેલ ખરીદીને તેનું નામ અનસૂયા રાખ્યું! જે દિકરા માટે જાત ઘસી નાખી એણે વેંચી દીધી, પણ જેને માતાનાં પ્રેમથી વંચિત હતાં એમણે અનસૂયા બેનને મા નું સ્થાન આપ્યું અને જીંદગી ભર આ સંબંધ નિભાવ્યો.

કહેવત છે ને કે દુઃખનાં દિવસ જટ વિતે નહીં અને સુખના દિવસો બહુ ઝડપથી ચાલ્યા જાય! અનસૂયા બેન ભર્યા પૂર્યા પરિવાર વચ્ચે જીવતાં સુખ અને શાંતિ થી જીવતા હતાં, એમાં છાતીમાં દુઃખાવાની ફરિયાદને કારણે ડોક્ટર પાસે ગયાં તો ડોક્ટરે કહ્યું તમને તો હાર્ટમાં છેદ છે અને ઓપરેશન કરવું પડશે! અનસૂયા બહેન આ ઉંમરે હવે કોઈ કાપકૂપ કરાવવા માંગતા નહોતા, પણ એમણે અનિલભાઈ ને કહ્યું કે, બેટા એક ઈચ્છા છે! જો તને યોગ્ય લાગે તો! અનિલભાઈ ને થયું સગા દિકરાને મળવા માંગતા હશે ! આખરે મા છે! પણ એમણે કહ્યું કે ના મારે એક જ દિકરો છે અને એ તમે! એણે તો કોઈ દિવસ ફોનથી પણ મારી ખબર લીધી નથી! આ તો તમે બંને સારા છો નહીં તો આ અજાણ્યા પ્રદેશમાં મારું શું થાત? એમ બોલતાં એની આંખો ભરાઈ આવી. અનિલભાઈ એની બાજુમાં બેસી કહ્યુ મા જે થાય તે સારા માટે થાય ! મારા નસીબમાં તમારા જેવા પ્રેમાળ મા નો પ્રેમ લખ્યો હતો! બોલો તો બીજી શું ઈચ્છા છે! અનસૂયા બહેને કહ્યું કે દિકરા! ઈશ્વરનું તેડું આવે એ પહેલાં એકવાર ગંગા સ્નાન કરવું છે! અનિલભાઈ પોતાની માતાની ઈચ્છા પૂરી કરવાં તાત્કાલિક પ્લેનની ટિકિટ બુક કરે છે, અને અનસૂયા બહેન સૌને અનિલભાઈ ના આખાં પરિવારને મળીને આભાર માનીને ભારત આવે છે, અને એમને ગંગા સ્નાન કરાવે છે, પણ વિધિનું વિધાન કોણ ટાળી શકે છે! ગંગા સ્નાન કરી અનસૂયા બહેનને જન્મોજન્મનાં પાપ ધોવાય ગયાની લાગણી થઇ, અને અનિલભાઈને ખૂબ આશીર્વાદ આપી, એમનાં ખોળામાં જ સંતોષથી જ પ્રાણ ત્યાગી વૈકુંઠ તરફ પ્રયાણ કર્યું. સગો દિકરાની જેમ જ અનિલભાઈ એ કાશીમાં ગંગા કિનારે અંતિમવિધિ કરી, અસ્થિ વિસર્જન પણ કર્યું. અનિલભાઈ ભારતથી પાછાં ફરવાને બે દિવસની વાર હતી, તો એને થયું કે મા હવે નથી રહ્યાં એની જાણ એનાં દિકરાને કરું! અને પોતાના જે મિત્ર એ મોહિત નો ફોન નંબર આપ્યો હતો એની પાસેથી નંબર અને એડ્રેસ લઈ, મોહિતને ત્યાં પહોંચે છે! મોહિત ને થયું કે મા ની જવાબદારી થી કંટાળી ગયા હશે, અને એટલે પાછી મુકવા આવ્યાં હશે! એટલે પોતે કોણ અનસૂયા બહેન! હું એને ઓળખતો નથી! મારી માતા તો ગામડે... અનિલભાઈ એ એને અધવચ્ચે અટકાવીને કહ્યું! ભાઈ હવે એ બહુ દૂરના દેશે ચાલી નીકળી છે, અને ગંગાકિનારે હું એનું અસ્થિ વિસર્જન કરીને આવ્યો છું, અને હું જ દર વર્ષે એનું શ્રાદ્ધ પણ કરીશ. આમ કહીને અનિલભાઈ મોહિતનાં જવાબની રાહ જોયા વગર જ ઉભા થઇ ચાલવા લાગ્યા! અને મા હવે નથી રહી એ સાંભળીને મોહિત નું હ્રદય એક બે ધબકારા ચૂકી ગયું, પણ પછી યંત્રવત્ ચાલવા લાગ્યું! બિલકુલ મોહિત જેમ જ..

સંબંધ એક એવું મોતી છે, જેને સ્નેહ નામની દાબડીમાં રાખવું પડે! નહીં તો એ ઝાંખું પડી જાય! અને પછી એ કિંમતી નથી રહેતું. પણ અફસોસ આજે પોતીકાં સંબંધો પણ વ્યવહારુ બનતાં જાય છે, જે આગળ પર બહુ મોટો ખતરો છે.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# ભારત પર હવે ૧૦૦% ટેરિફનો ખતરો

## ખડગેએ કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે સરકાર અમેરિકા સમક્ષ શરણાગતિ સ્વીકારી રહી છે

નવીદિલ્હી, તા.૧૬

બુધવારે યુએસ કોંગ્રેસમાં એક બિલ પર અંતિમ મતદાન થવાનું છે. જો તે પસાર થઈ જાય, તો તેને કાયદામાં રૂપાંતરિત કરવા માટે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પાસે મોકલવામાં આવશે. આ બિલ રાષ્ટ્રપતિને ભારત અને રશિયા પાસેથી તેલ અને ગેસ ખરીદતા અન્ય ઘણા દેશો પર ૧૦૦% ટેરિફ લાદવાની સત્તા આપે છે. આનાથી ભારત પર ભારે ટેરિફ લાદવાનું દબાણ આવી શકે છે. કોંગ્રેસે હવે કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે, એમ કહીને કે મોદી સરકારની વિદેશ અને વેપાર નીતિઓ ખરાબ રીતે નિષ્ફળ ગઈ છે. અમેરિકા દ્વારા ભારત પર ૧૦૦% ટેરિફ લાદવાની વધતી શક્યતા અંગે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ડ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી પર નિશાન સાધ્યું. એક લાંબી પોસ્ટમાં, ખડગેએ કહ્યું, ''પીએમ મોદી, તમારા પ્રિય મિત્ર, ''આ




વખતે ટ્રમ્પ સરકાર'' આદેશ આપે છે, તમે શરણાગતિ સ્વીકારો છો, અને ૧.૪ અબજ ભારતીયો તેના પરિણામો ભોગવે છે.''

ભારતીય માલ પર ૧૦૦% સુધીના યુએસ ટેરિફનો ભય દર્શાવે છે કે તમારી સરકારની વિદેશ અને વેપાર નીતિઓ ખરાબ રીતે નિષ્ફળ ગઈ છે!'' તેઓ આગળ ઉમેરે છે, ''ફાર્માસ્યુટિકલ્સ, કાપડ, એન્જિનિયરિંગ માલ, રસાયણો, ઓટો પાર્ટ્સ, રત્નો અને ઝવેરાત, ઈલેક્ટ્રોનિક્સ અને ટેકનોલોજી ક્ષેત્રો આ મોટા ટેરિફથી ગંભીર રીતે પ્રભાવિત થઈ શકે છે.'' ભારતીય વેપારીઓને પડી રહેલા આંચકાઓનો ઉલ્લેખ કરતા, ખડગેએ કહ્યું, ''પહેલા, ૨૫% ટેરિફ હતો, પછી ૫૦% ટેરિફ, અને હવે ૧૦૦% નો ભય તોળાઈ રહ્યો છે. દરમિયાન, મોદી સરકાર એક વેપાર માળખા માટે સંમત થઈ જે ભારતીય કૃષિ ઉત્પાદનો સુધી અમેરિકન માલની પહોંચ વધારે છે અને આપણા ખેડૂતોના હિતોને જોખમમાં મૂકે છે. વાસ્તવિકતા એ છે કે આ માળખું અમને આગામી પાંચ વર્ષમાં ૫૦૦ બિલિયન મૂલ્યના અમેરિકન માલ ખરીદવા દબાણ કરે છે.

UPI જેવા ઓનલાઈન પેમેન્ટ પ્લેટફોર્મ પર ફી લાદવાની ટીકા કરતા, ખડગેએ કહ્યું, ''ગઈકાલે, મંગળવારે, ગ્રહ્જી પર ખઉછ ના મુદ્દા પર તમારી સરકારનું શરણાગતિ તમારી સરકારની નબળાઈનું બીજું એક મોટું ઉદાહરણ છે. ટેરિફ અને વેપારથી લઈને H1B1 ઈમિગ્રેશન, વિઝા અને ડિજિટલ ચુકવણીઓ સુધી, દરેક મુદ્દા પર વોશિંગ્ટનનું દબાણ વધી રહ્યું છે, અને તમે, ''હાઉડી મોદી જી'', વધુને વધુ ડરી રહ્યા છો. કોંગ્રેસ UPI વ્યવહારો પર ફી લાદવાના કેન્દ્ર સરકારના નિર્ણયની આકરી ટીકા કરી રહી છે, તેને ''મોદી ટેક્સ'' કહી રહી છે, અને આરોપ લગાવી રહી છે કે સમાધાનકારી વડા પ્રધાન, પીએમ નરેન્દ્ર મોદી, વેપાર કરારની જેમ જ આ બાબતમાં પણ અમેરિકા સમક્ષ શરણાગતિ સ્વીકારી ચૂક્યા છે.

કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનાતે પણ ગ્રહ્જી ચુકવણીઓ પર વસૂલવામાં આવતી ફીની ટીકા કરતા કહ્યું કે, ''તાજેતર સુધી UPI સંપૂર્ણપણે મફત હતું, પરંતુ પીએમ મોદીને તે ગમ્યું ન હતું, અને તેમણે UPIનો ઉપયોગ કરતા દેશના કામદારો, યુવાનો, વિદ્યાર્થીઓ અને અન્ય લોકો પાસેથી ફી વસૂલવાની ધમકી આપી હતી.'' તેમણે વધુમાં જણાવ્યું હતું કે તે એક સ્પષ્ટ જૂઠાણું છે કે આ ફી ફક્ત વેપારીઓ પાસેથી વસૂલવામાં આવશે. જો કે, વેપારીઓ ફક્ત ભાવ વધારશે, અને જનતા પાસેથી વસૂલવામાં આવશે.

### બહેનનો હાથ પકડનારાને અતિ ભયાનક મોત દીધુંઃ બે સગા ભાઇ સહિત ત્રણ ઝડપાયા

# દુઃખીશ્યામ મોત પછી પણ ધોકા ફટકાર્યા!

## જેની પજવણી કરી તેના ભાઇઓ સામે ઇંટોના ઘા કરી તે છત પર ભાગ્યોઃ ત્રણેયએ પાછળ જઇ ધોકાથી ફટકાર્યો, પછી બે જણે પકડ્યો અને ત્રીજાએ લોખંડના તારથી ફાંસો દઇ ઢાળી દીધોઃ રાતે એક વાગ્યે લાશની ટીંગાટોળી કરી નીચે ઉતારી નવેળામાંથી ફેંકી દીધીઃ બાદમાં ત્રણેય નિરાંતે ઉંઘી ગયા હતાં

રાજકોટ, તા.૧૬

માણસ કેટલી હદે ક્રુર બની જતો હોય છે તેની પ્રતીતી કરાવતી હકિકત ગઇકાલે રેલનગરમાં બનેલી હત્યાની ઘટનામાં સામે આવી હતી. મધ્યપ્રદેશના બે ભાઇઓ તેની બહેન, પત્નિ સાથે રેલનગરમાં બાંધકામ સાઇટ પર કામ કરતાં હોઇ તેની બહેન રસોઇ બનાવી રહી હતી ત્યારે ઓરીસ્સાના આધેડ આવી તેણીનો હાથ પકડી લેતાં તેણીએ દેકારો મચાવતાં તેના બે ભાઇઓ સહિત ત્રણ જણા પહોંચી જતાં ઓરીસ્સાના શખ્સે ભાગી જવાને બદલે આ ત્રણેય પર ઇંટોના ઘા કરી ઝપાઝપી ચાલુ કરી હતી. પછી તે દોટ મુકી બીજા માળની છત પર જતો રહેતાં ત્રણેય ત્યાં પહોંચ્યા હતાં અને ક્રુર ખૂની ખેલ ખેલાયો હતો. પહેલા તો તેને ધોકા ફટકારી પછાડી દેવાયો હતો. પછી બે જણાએ તેને પકડી લીધો હતો અને ત્રીજાએ સેન્ટ્રીંગના લોખંડના તારથી ફાંસો દઇ ઢાળી દીધો હતો. ક્રુરતા તો જૂઓ મરી ગયા પછી પણ ધોકા ફટકાર્યા હતાં!

હત્યાની આ ઘટનાની વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં પ્રદ્યુમનગર પોલીસે હત્યાનો ભોગ બનનાર મુળ ઓરસિસાના દુઃખીશ્યામ નીતકર બાગના ભાણેજ મુળ ઓરીસ્સાના કલહાંડી જીલ્લાના બોરીયા ગામના વતની અને હાલ પેલેસ રોડ વર્ધમાનનગર મેઇન રોડ પર રાધાકૃષ્ણ એપાર્ટમેન્ટના ગ્રા.ન્ડ ફ્લોરમાં ભાડેથી રહેતાં તેમજ કડીયા કામની મજુરી કરતાં પ્રફુલભાઇ રાજકુમાર સુગરીયાની ફરિયાદ પરથી મુળ એમપીના અને હાલ રેલનગર સાધુવાસવાણી કુંજ રોડ ભારત પેટ્રોલ પંપ સામેની શેરીમાં શ્રી બંગલોઝની બાજુમાં નવા બનતા મકાનની બાંધકામ સાઇટ પર રહેતા પીંજુ કેવનભાઇ ભુરીયા, તેના ભાઇ અજીત કેવનભાઇ ભુરીયા અને રાજેશ કૈલાસભાઇ ભુરીયા સામે હત્યા નિપજાવવાનો ગુનો નોંધી દબોચી લીધા હતાં. પોલીસ એફઆઇઆરમાં ભાણેજ પ્રફુલભાઇએ ઘટનાની વિસ્તૃત હીકકત જણાવી હતી.

તેણે કહ્યું હતું કે હું દસેક વર્ષથી રાજકોટ પરિવાર સાથે રહુ છું અને કડીયા કામ લાદીકામની મજુરી કરુ છું. મારા માતા પિતા છેલ્લા પચ્ચીસ વર્ષથી રાજકોટ રહેતાં હતાં. મારો જન્મ રાજકોટ જીલ્લાના વિરપુરમાં થયો છે. મારા માતા ભાદ્રવીબેનને બે ભાઇ બહેનો છે. જેમાં સૌથી મોટા મારા માતા મોટા છે. તેનાથી નાના મારા મામા જગબંદુ બાગ છે જેઓ ગામ માલપડા પોલીસ સ્ટેશન કેશીંગા ઓરીસ્સા ખાતે રહે છે અને સૌથી નાના મામા દુઃખીશ્યામ નીતકર બાગ છે જે છેલ્લા ત્રણેક વર્ષથી રાજકોટ ખાતે રેલનગરમાં રહેતાં હતાં અને ચણતરકામની સાઇટ પર મજુરી કરતા હતા. હત્યાનો ભોગ બનેલા મારા મામા દુઃખીશ્યામના પત્નિનું નામ કેબત્તીબેન છે. તેને સંતાનમાં બે દિકરાછે જેમાં મોટો ભુભન અને તેનાથી નાનો રોહન છે.






મારા મામી તથા તેના બંને દિકરાઓ ગામ માલપડા કેશીંગા જી. કલહાંડી-ઓરીસ્સા ખાતે રહે છે. ખાતે રહે છે. મારા નાનાનું નામ નિતકર બાગ છે. મંગળવારે પંદરમીએ હું સાંજનાં આશરે સાડા ચારેક વાગ્યાનાં અરસામાં મેટોડા ખાતે લાદી કામ કરતો ત્યારે મારા મામા જગબંદુ બાગની દિકરી આલીયા જે હાલમાં બેગ્લોરમાં હોટલમાં કામ કરે છે તેનો મનેફોન આવેલ અને કહેલ કે- મારા કાકા દુઃખીશ્યામ જે રાજકોટ રેલનગરમાં મકાન ઉપરથી પડી ગયેલ છે અને તેઓ હાલમાં રાજકોટ સરકારી હોસ્પીટલમાં છે. તેવી જાણ કરતા હું રાજકોટ સરકારી હોસ્પી ટલમાં ગયેલ હતો અને આ વખતે હોસ્પીટલમાં મારા જીજાજી ખેતરી આલેખભાઈ તાંડી મારી સાથે આવેલ હતા.

આ વખતે ત્યાં હાજરપોલીસ અધિકારીને મળેલ હતા. મારા મામા દુઃખીશ્યામની બાગની લાશ પોસ્ટમોર્ટમ રૂમમાં કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવી હતી. જે મેં ઓળખી હતી. તેમની લાશ રેલનગર સાધુવાસવાણીકુંજ રોડ ભારત પેટ્રોલ પંપની સામેની શેરી, જય વિદ્યાર્થી ટયુશન કલાશ વાળી શે રીમાં શ્રી બંગ્લોઝની બાજુમાં નવા મકાનના બાંધકામની દિવાલ પાસેથી લાશ મળેલ હતી. પોસ્ટમોર્ટમ થતાં તેમના શરીરે આંતરીક અને બાહ્ય ઇજાઓ થવાથી મોત થયાનું ડોક્ટરે લખી આપ્યું હતું. તેવી વાત પોલીસે મને કરી હતી. બાદમાં મેં બનાવની જાણ મારા મામી કેબત્તીબેનને ફોનથી કરી હતી.આ પછી પોલીસે મને વાત કરી હતી કે તમારા મામા દુઃખીશ્યામ બગાને રેલનગરમાં તેની લાશ જ્યાંથી મળી તે બાંધકામ સાઇટ પર કામ કરતા પીંજુ કેવનભાઇ ભુરીયા, તેના ભાઇ અજીત કેવનભાઇ ભુરીયા તથા રાજે શ કૈલાશ ભુરીયા જેઓ મુળ મુળ પંજારા ફળીયુ દોતડ, તા. કંદનપુર જીલ્લો જાંબુવા અમધ્યપ્રદેશના વતની છે તેણે હત્યા કરી છે.

વધુ માહિતી અનુસાર અજીતની પત્નિ આશા તથા અજીત-પીંજુની નાની બહેન રવિવારે ચોદમી તારીખના રોજ સાઇટ પર ચણતર કામ કરતા હતા ત્યારે રાતે આશરે નવેક વાગ્યાનાં અરસામાં અજીતની અને બહેન મકાનના રૂમમાં રસોઈ બનાવતી હતી. આ વખતે આ દુઃખીશ્યામે રૂમમાં જઈને અજીત અને પીંજુની બહેનનો હાથ પકડી લીધો હતો. જેથી તેણીએ દેકારો કરતા પીંજુ તથા અજીત તથા રાજેશ રૂમમાં આવતા આ દુઃખીશ્યામ રૂ મમાં આ ત્રણેયની સાથે માથાકુટ કરવા માંડ્યો હતો અને ત્યાં પડેલ ઇંટો ત્રણેય ઉપર ફેકવા માંડ્યો હતો. આ પછી દુઃખી શ્યામ રૂમની સીડીથી બીજા માળની છત ઉપર ચડી ગયો હતો.

તેની પાછળ પીંજુ, અજીત અને રાજેશ પણ ગયા હતાં અને ત્રણેયએ દુઃખીશ્યામ સાથે ઝપાઝપી કરી હતી. આ વખતે રાજેશે ત્યાં છત ઉપર પડેલ પાવડાનાં ધોકાથી દુઃખીશ્યામને પડખાના ભાગે ઘા મારતા તે પડી ગયો હતો. બાદ તેને પેટના ભાગે છાતીના ભાગે આડેધડ પાટા માર્યા હતાં. આ પછી સેન્ટીંગ બાંધવા માટેના લોખંડનો તાર પીંજુએ લઇ લીધો હતો. આ પછી રાજેશે તથા અજીતે મળી દુઃખીશ્યામને પકડી રાખેલ અને પીંજુએ દુઃખીશ્યામને ગળામાં તાર વીંટાળી તાર ખેંચી ગળા ટુંપો આપી દીધો હતો. બાદમાં રાજેશે લાકડાનાં પાવડાનાં હાથાથી દુઃખીશ્યામને શરીરે આડેધડ માર્યો હતો. બીજા બેએ પણ આડેધડ પાટા મારતાં દુઃખીશ્યામનું મોત થયું હતું. તે હાલ અલગ અલગ સાઇટ પર રહી મજૂરી કરતો હતો. ત્યારબાદ તેને ત્યાં જ મુકી નીચે ઉતરી ગયા હતાં. એ પછી ત્રણેય રાતે એકાદ વાગ્યે છત ઉપર ગયા હતાં.

જ્યાં દુઃખીશ્યામ મૃત્યુ પામ્યો છે તેની ફરીથી ખાત્રી કરી ટીંગાટોળી કરી છત ઉપરથી નીચે લાવી નવેળાની દિવાલથી બહાર ફેંકી દીધો હતો. આ રીતે તે પડી ગયો કે આપઘાત કર્યો તેવી એલીબી ઉભી કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમ ફરિયાદી પ્રફુલભાઇને પોલીસ મારફત જાણવા મળતાં તેણે આ મુજબની ફરિયાદ દાખલ કરાવી હતી. ઇન્સપેક્ટર એમ. ડી. મકવાણા, રાઇટર હરેશભાઇ સારદીયા સહિતે ગુનો નોંધ્યો છે. ક્રાઇમ બ્રાંચ ઇન્સપેક્ટર એમ. એલ. ડામોર અને ટીમ પણ તપાસમાં સામેલ થઇ હતી. ડી. સ્ટાફના ચાંપરાજભાઇ ખવડ સહિતની ટીમે આરોપીઓને સકંજામાં લઇ વિશેષ તપાસ હાથ ધરી હતી. આમ બહેનનો હાથ પકડનારા સાથે કેવી ક્રુરતા બે ભાઇઓ સહિત ત્રણે આચરી તેની અરેરાટી ઉપજાવતી હકિકત હત્યાની આ ઘટનામાં સામે આવી હતી.

### તેરા તૂજકો અર્પણ

# અઠ્યાવીસ લોકોને મોબાઇલ પરત

## ક્રાઇમ બ્રાંચે પંદર દિવસમાં ગૂમ થયેલા ૪.૮૦ લાખના ૨૮ મોબાઇલ સોંપ્યા

રાજકોટ, તા.૧૬

શેહેર પોલીસ અને શહેર ક્રાઇમ બ્રાંચ દ્વારા તેરા તુજકો અર્પણ અંતર્ગત દર મહિને દર પખવાડીયે લોકોને ગૂમ થયેલા મોબાઇલ ફોન તેમજ ફ્રોડમાં ગયેલી રકમ પરત આપવામાં આવી છે. આ મહિને ૧ સપ્ટેમ્બરથી ૧૫ સપ્ટેમ્બર સુધીમાં શહેર ક્રાઇમ બ્રાંચ દ્વારા પંદર દિવસમાં લોકોના ગૂમ થયેલા ખોવાયેલા રૂા. ૪ લાખ ૮૦ હજારના ૨૮ મોબાઇલ ફોન ક્રાઇમ બ્રાંચની ટીમે શોધી કાઢી 'તેરા તુજકો અર્પણ' ઝુંબેશ અંતર્ગત મુળ માલિકોને પરત સોંપતા તેમણે પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી ચૈતન્ય માંડલિક અને ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત કામગીરી થઇ હતી.



લોકોના ગૂમ થયેલા, ચોરાયેલા મોબાઇલ ફોન શોધી કાઢવા ડીસીબીના ઇન્સપેકટર એ. એચ. ચાવડાની રાહબરીમાં સીઇઆઇઆર પોર્ટલ પર સતત મોનિટરિંગ કરી ટેકનીકલ સોર્સના આધારે ગુમ કે ચોરાયેલા ફોન ટ્રેસ કરવામાં આવ્યા હતા. આવા ૨૮ ફોન શોધીને પીઆઇ એ. એસ. ચાવડા, પીઆઇ એમ. એલ. ડામોર, પીઆઇ સી. એચ. જાદવના હસ્તે મુળ માલિકોને પરત અપયા હતાં. આ કામગીરી એએસઆઇ ભુપતભાઇ દેસાઇ અને કોન્સ. નઝમાબેન એમ. સુમરાએ કરી હતી. ગુમ થયેલા ફોન પરત મળતાં મુળ માલિકોએ રાજકોટ ક્રાઇમ બ્રાન્ચનો આ કામગીરીનો આભાર માન્યો હતો. લોકો પોતાના જીવથી વ્હાલા મોબાઇલ પાછા મળી જતાં રાજી રાજી થઇ ગયા હતાં.

### હનુમાનમઢી ચોકમાં દેવપુષ્પ મેડિકલ સ્ટોરમાં લુખ્ખાગીરીનો બનાવમાં કેમિસ્ટ એસો.ની માંગણી

# ભય ફેલાવનારાઓને તાકીદે પકડો

## કલાકો વીતવા છતાં પોલીસ આરોપીઓના સગડ મેળવવાથી દુરઃ પોલીસ કમિશનરને કરવામાં આવી રજૂઆત

રાજકોટ, તા.૧૬

રૈયા રોડ પર આવેલા હનુમાનમઢી ચોકમાં દેવપુષ્પ મેડિકલ સ્ટોર'માં ગત રવિવારે રાત્રે કોઇપણ વાજબી કારણ વગર માત્ર લુખ્ખાગીરી આચરી આતંક મચાવી તોડફોડ કરનાર કુખ્યાત સાજીદ કચરા અને તેના પાંચ મળતિયાઓને સાંઇઠ કલાક વીતી ગયા હોવા છતાં પોલીસ પકડી શકી નથી. આ છ એય આરોપીઓ ક્યાં ભાગી ગયા છે તે અંગે પોલીસ પાસે હજુ સુધી કોઈ માહિતી મળી નથી. આ વચ્ચે કેમિસ્ટ એસોસિએશન રાજકોટ દ્વારા પોલીસ કમિશનરને આવેદન પત્ર પાઠવી તત્કાળ આરોપીઓને દબોચી લઇ દાખલારૂપ કામગીરી કરવાની અને ભવિષયમાં આવી ઘટના ન બને તે માટે અત્યંત અસરકારક કામગીરી કરવા માંગણી કરી હતી.

વિગતો જોઇએ તો હનુમાન મઢી ચોકમાં મેડિકલ સ્ટોરમાં તોડફોડ-હુમલો-ધમકીની આ ઘટનાના શહેરમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. ખાસ કરીને મેડિકલ સ્ટોર ધરાવતા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આ વચ્ચે આજે કેમિસ્ટ એસોસિએશન રાજકોટ દ્વારા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાને આવેદન પાઠવી કડક પગલા લેવા અને સાંઇઠ કલાકથી ફરાર




આરોપીઓને ઝડપી લેવા માંગણી કરવામાં આવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે પ્રણવભાઇ ઉનડકટના દેવપુષ્પ મેડિકલ સ્ટોમાં રવિવારે રાત્રિના આશરે નવેક વાગ્યે નવેક વાગ્યે હત્યાના ગુનામાં સામેલ અને હાલ જેલમાંથી રજા પર બહાર આવેલા સાજીદ કચરા અને તેના પાંચ મળતિયાઓ સહિત આશરે ૬ જેટલા શખ્સોએ આતંક મચાવી ફરજ પરના કર્મચારીઓ સાથે મારપીટ કરી તેમજ તોડફોડ કરી મોટુ નુકસાન કર્યુ હતું.

હુમલાખોરોએ સ્ટોરમાં તોડફોડ કરીને ૧૨ કોમ્પ્યુટર, ૪ સીસીટીવી કેમેરા, ૧ ટીવી અને અન્ય કિંમતી સાધનો તોડી નાખી આશરે સવા ત્રણ લાખની નુકસાની કરી છે. કેમિસ્ટએસોએ રજૂઆતમાં જણાવ્યું છે કે આ સમગ્ર બનાવને ૬૦ કલાકથી વધુનો સમય વીતી ગયો હોવા છતાં અને મુખ્ય આરોપી સાજીદના પેરોલ પુર્ણ થવાના આરે હોવા છતાં, તમામ હુમલાખોરો ક્યાં ભાગી ગયા તે અંગે પોલીસ હજુ સુધી કોઈ પણ સુરાગ મેળવી શકી નથી. આ ગંભીર બનાવની તાત્કાલિક નોંધ લઈને કેમિસ્ટ એસોસિએશનના પ્રમુખ મયુરસિંહ એસ. જાડેજા અને માનદ્ મંત્રી અનિમેષભાઈ એમ. દેસાઈ દ્વારા રાજકોટ શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાને લેખિત આવેદનપત્ર પાઠવીને રજૂઆત કરવામાં આવી છે. એસોસિએશને માંગ કરી છે કે સ્ટોરના તથા આસપાસના વિસ્તારના સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ પુરાવાના આધારે તમામ આરોપીઓની ઓળખ કરી તેમની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે, હુમલા પાછળનો મુખ્ય હેતુ શોધી કાઢવામાં આવે, દેવપુષ્પ મેડિકલને થયેલા નુકસાન અંગે કાર્યવાહી કરવામાં આવે. રજૂઆતમાં બાબુલાલ ભુવા, મુકેશ કોયાણી, સત્યેન પટેલ સહિતનના પણ જોડાયા હતાં.

### શહેરમાં ઠેકઠેકાણે ગાંઠીયાદાદાઓ, કેહેવાતા ગૂંડાઓના પ્રજાજન સાથે ખેલ અને પોલીસને પડકાર

# દૂકાનમાં તોડફોડઃ ટકાને પોલીસે કર્યો ખોખરો

## પંદર દિવસ પહેલા ખરીદેલી પાવર બેંક બદલવા આવેલા શખ્સનું નામીચા ટકાએ ઉપરાણુ લઇ તોડફોડ કરી ધમકી દીધી ચુનારાવાડની ઘટનામાં થોરાળા પોલીસની ત્વરીત કાર્યવાહીઃ અગાઉ પણ આ શખ્સની છએક ગુનામાં સંડોવણી

રાજકોટ તા. ૧.૬

શહેરમાં ઠેકઠેકાણે ગાઠીયા દાદાઓ કે કહેવાતા ગુંડાઓ પોતાનું બળ પ્રદશર્ન કરી સીન સપાટા કરી પોલીસને પડકાર ફેંકી પ્રજાજનોને રંજાડતા રહે છે. આવી વધુ એક ઘટના સામે આવી હતી. જેમાં થોરાળા વિસ્તારમાં એક વેપારીની દુકાને પાવર બેંક બદલવા બાબતે નામીચા શખ્સે ધમાલ મચાવી તોડફોડ કરી મારી નાંખવાની ધમકી દીધી હતી. જો કે થોરાળા પોલીસ સુધી વાત પહોંચતા જ તુરંત કાર્યવાહી કરી ગુનો દાખલ કરી આ શખ્સને દબોચી લીધો હતો અને કાયદાનું બરાબરનું ભાન કરાવી દીધુ હતું. આ શખ્સ અગાઉ પણ છએક ગુનાઓમાં પોલીસ ચોપડે ચડી ચુક્યો હતો. આમ છતાં સુધરવાનું નામ લેવુ ન હોય તેમ વધુ એક ગુનો પોતના નામે કર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો શહેરમાં અસામાજિક તત્ત્વોનો ત્રાસ દિન-પ્રતિદિન વધી રહ્યો છે. દરમિયાન ભાવનગર રોડ પર ચુનારાવાડ ચોક પાસે આવેલી મોબાઈલની દુકાનમાં પાવર બેન્કની બાબતે માથાકૂટ કરી એક શખ્સે સાગરીત સાથે મળી તોડફોડ કરી ધમકી આપતાં થોરાળા પોલીસે ગુનો નોંધી તેની ધરપકડ કરી તેને કાયદાનું ભાન કરાવ્યું હતું. પાવર બેન્ક બદલાવવા આવેલા ગ્રાહક સાથે તકરાર બાદ તેનુ ઉપરાણુ લઇને પહોંચેલા અલ્તાફ ઉર્ફે ટકા નામના શખ્સે તું મને ઓળખતો નથી? હવે તું કેમ દુકાન ચાલુ રાખે છે એ જોઇ લઇશ કહી તોડફોડ કરી ધમકી દીધી હતી. આ બનાવમાં થોરાળા પોલીસે ૧૫૦ ફૂટ રિંગ રોડ પર શીતલપાર્ક ચોક નજીક આઈકે એમ્બિયન્સ એપાર્ટમેન્ટમાં રહેતા અને ભાવનગર મેઈન રોડ પર ચુનારાવાડ ચોક પાસે જલારામ મોબાઈલ નામે દુકાન ધરાવતા બેતાલીસ વર્ષના પ્રદિપભાઈ પ્રવિણભાઈ સેદાણી નામના વેપારીની ફરિયાદ પરથી અલ્તાફ ઉર્ફે ટકો વિરૂધ્ધ ગુનો નોંધ્યો હતો.

વેપારીની ફરિયાદમાં જણાવ્યા મુજબઆશરે પંદરેક દિવસ પહેલાં ૨૨ વર્ષનો એક અજાણ્યો



શખ્સ તેમની દુકાનેથી રૂપિયા છસ્સોની પાવર બેન્ક અને કેબલ ખરીદી ગયો હતો. આ પછી મંગળવારે સાંજના છએક વાગ્યે આ યુવક દુકાને આવ્યો હતો અને પાવર બેન્ક બંધ થઈ ગઈ હોવાનું કહી સીટુસી પાવર બેન્ક બદલાવી આપવા માગણી કરી હતી. પ્રવિણભાઈએ સીટુસી સીટુસી બેન્ક ન હોવાનું જણાવી ચેક કરતાં માત્ર કેબલ બંધ હોવાથી કેબલ બદલાવી આપ્યો હતો. આ વખતે યુવકે વેપારીને તમે ટકાને ઓળખો છો? તેમ પૂછતાં વેપારીએ ના પાડી હતી, જેથી તે જતો રહ્યો હતો.

આ શખ્સ જતો રહ્યા બાદ રાતના આશરે આઠેક વાગ્યાના અરસામાં આ અજાણ્યો યુવક અલ્તાફ ઉર્ફે ટકા નામના શખ્સ સાથે ફરી દુકાને આવ્યો હતો. અલ્તાફ ઉર્ફે ટકાએ દુકાનમાં આવીને દાદાગીરી કરતા કહ્યું હતું કે-કેમ ભાઈ તમે મને ઓળખતા નથી, હું કોણ છું? તેમ કહી બંને જણા ગાળો આપવા લાગ્યા હતા. દેકારો થતાં આસપાસની મોબાઈલની દુકાન ધરાવતા અમરભાઈ સોલંકી, અશોકભાઈ ઉઘરેજા અને સંજયભાઈ ખખ્ખર સહિતના લોકોએ વચ્ચે પડી બંનેને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. છતાં ઉશ્કેરાયેલા અલ્તાફ ઉર્ફે ટકાએ તું કેમ હવે તારી દુકાન ચાલુ રાખે છે એ જોઉ છું તેમ કહી પોતાની પાસે રહેલા લોખંડના સળિયા વડે દુકાનના કાઉન્ટરના કાચ પર ઘા મારી કાચ તોડી નાખ્યો હતો. તેણે દુકાનમાં તોડફોડ કરી અને જતાં જતાં ધમકી આપી બંને શખ્સો ભાગી છૂટ્યા હતા.

ઘટના અંગે વેપારીએ તુરંત ૧૧૨ નંબર પર કોલ કરી પોલીસને જાણ કરી હતી. થોરાળા પોલીસ સ્ટેશનના પીઆઇ એસ. પી. સોઢાની રાહબરીમાં એએસઆઇ કે. એચ. પળાલીયાએ ગુનો નોંધી નોંધ્યો હતો. ડી. સ્ટાફ પીએસઆઇ ટી. ડી. જાડેજા અને ટીમે અલ્તાફ ઉર્ફે ટકો દિલાવરભાઇ ખેરડીયા નામના મેમણ શખ્સને ઝડપી લીધો હતો. એકત્રીસ વર્ષની ઉમર ધરાવતો આ ટકો દુધની ડેરી પાસે દૂધસાગર રોડ પરની ભગવતી સોસાયટીમાં રહે છે. પોલી ઇન્સપેકટર એસ. પી. સોઢા, પીએસઆઇ ટી. ડી. જાડેજા અને ટીમે તેને પકડી લઇ કાયદાનું ભાન કરાવ્યું હતું. પોલીસ સુત્રોના કહેવા મુજબ ટકો અગાઉ પણ છ સાત ગુનાઓમાં પોલીસના ચોપડે ચડ્યો હતો. આ વધુ એક ગુનો તેના નામે ચડ્યો છે.

### બાર વર્ષ પહેલા ઇન્સ્યુરન્સ પોલીસી કરાવી હતી પછી પ્રિમીયમ ભરવાનું બંધ કર્યુ હતું

# નાણાં પાછા લેવાની લ્હાયમાં પોણા નવ લાખ ગ્યા

## અર્પીતાએ વીમા કર્મચારીના નામે જાળ બીછાવી : ગેરેજ મિકેનીકને પોલીસીના બાકીના નાણા પરત અપાવવાના નામે છેતરી લેવાયોઃ સાયબર ગઠીયાઓની શોધખોળ : બીજી ઠગાઇમાં કેશબેકની લાલચે પાંચ લાખનું રોકાણ કર્યુઃ વળતર રૂપે મળ્યો ઠેંગો!

રાજકોટ, તા. ૧૬

ઓનલાઇન ઠગાઇની ઘટનાઓ એટલી હદે વધી ગઇ છે કે સાયબર ગઠીયાઓથી સૌ કોઇ ત્રાહીમામ થઇ ચુક્યું છે. સાયબર ક્રાઇમ પોલીસ ગમે એટલા પ્રયાસો કરે તો પણ આવી રીતે થતાં ફ્રોડ અટકતા નથી તે નક્કર અને કડવી વાસ્તવીકતા છે. લોકો જાગૃત થાય તો પણ ગઠીયાઓ તેના કરતાં વધુ આગળ વધીને એવા તુક્કા અજમાવે છે કે લોકોને પોતે ફ્રોડની જાળમાં ફસાઇ ગયાનો અણસાર સુધ્ધ આવતો હોતો નથી. વધુ એક ઠગાઇ વીમા પોલીસના નામે થઇ હતી. જેમાં ગેરેજ મિકેનીક યુવાનને તેની જુની વિમા પોલીસીમાં અટકાવેલી સાડત્રીસ હજારની રકમ પરત અપાવી દેવાના નામે ગઠીયાઓએ તેની પાસેથી આઠ લાખ સત્યોતેર હજાર ગુમાવી દીધા હતાં! અર્પિતા શર્મા નામની યુવતિએ ફોન કરી વિમા કંપનીની કર્મચારીના નામે જાળ બીછાવી આ ઠગાઇ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો ભુજના નારણપર ગામે રહેતા અને ગેરેજ મિકેનિક તરીકે કામ કરતા યુવક સાથે જુની વીમા પોલિસીની અટવાયેલી રકમ વ્યાજ સાથે પરત અપાવવાના બહાને આઠ લાખ સત્યોતેર હજારની છેતરપિંડી આચરવામાં આવી હતી. વિવિધ બેંક ખાતાના ધારકો સામે ગુનો પોલીસે એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. વિશેષ માહિતી અનુસાર નારણપર રાવરી ગામે રહેતા અને લક્ષ્મી મોટર ગેરેજમાં કામ કરતા મનજી હરજી કેરાઈ નામના યુવકે બાર વર્ષ પહેલા મેક્સ લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીની વીસ વર્ષની મુદતવાળી પોલિસી લીધી હતી. શરૂઆતના ત્રણ વર્ષ સુધી વાર્ષિક ૨૪,૨૫૦ લેખે પ્રીમિયમ ભર્યું હતું. ત્યારબાદ પ્રીમિયમ ભરવાનું બંધ કરી દીધું હતું.

આ પછી ભરપાઈ કરેલા ૭૨,૭૫૦માંથી તેમને ૩૫ હજાર પરત મળ્યા હતા, જ્યારે ૩૭,૭૫૦ બાકી રહ્યા હતા. આ દરમિયાન મનજીભાઈને અર્પીતા શર્મા નામની મહિલાનો ફોન આવ્યો હતો. તેણે પોતે મેક્સ લાઈફ વીમા કંપનીમાંથી બોલે છે તેમ જણાવી જુની પોલિસીની બાકી રકમ વ્યાજ સહિત પરત મેળવવા માટે પ્રોસેસ કરવાની લાલચ આપી હતી. ત્યારબાદ જગદીશસિંહ ઠાકુર નામના શખ્સે ફોન કરી વિશ્વાસમાં લઈ જણાવ્યું હતું કે વ્યાજ સાથે મોટી રકમ મેળવવા માટે પ્રોસેસિંગ રકમ જમા કરાવવી પડશે.



જેથી ફરિયાદીએ રૂપિયા જમા કરાવ્યા હતાં જે છેલ્લે ગુમાવ્યા હતા. પોલિસીની રકમ પરત મેળવવાની લાલચમાં મનજીભાઈએ પોતાના તથા પોતાના મિત્રો અશ્વિન કાંતિલાલ રામાણી, કલ્પેશ નારણભાઈ કેરાઈ અને લાલજી વાલજી વેકરીયાના બેંક ખાતાઓમાંથી જી-પે અને એનઈએફટી મારફતે પણ રકમ મોકલી હતી.

આ રીતે કુલ દસ ટ્રાન્ઝેક્શનમાં રૂપિયા ૮,૭૭,૯૧૩ ની રકમ બંધન બેંક, બેંક ઓફ બરોડા અને બેંક ઓફ ઈન્ડિયા જેવા ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધી હતી. મોટી રકમ ટ્રાન્સફર કર્યા બાદ પણ આરોપીઓ દ્વારા પોલિસીના નાણાં પરત આપવામાં આવ્યા ન હતા અને વધુ નાણાંની માગણી ચાલુ રખાઈ હતી. મનજીભાઈને છેતરપિંડીનો અહેસાસ થતાં તેમણે પોતાના નાણાં પરત માગ્યા હતા અને પોલીસ ફરિયાદ કરવાની ચેતવણી આપી હતી, જેથી આરોપીઓએ પોતાના તમામ મોબાઈલ નંબરો બંધ કરી દીધા હતા. આ પછી યુવાનને છેતરાઇ ગયાની ખબર પડતાં સાયબર ક્રાઇમ પોલીસને જાણ કરી હતી.

બીજી ઘટનામાં રોકાણ પર ચા વળતર અને દૈનિક કેશબેકની લાલચ આપી વાડીના યુવકને એસડી પે નામની વેબસાઈટ પર રોકાણ કરાવી ૫ લાખની ઠગાઇની ફરિયાદ સાયબર ક્રાઈમ પોલીસમાં નોંધાવાઇ હતી. રંગમહાલ ખાતે રહેતા જલ પટેલ ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તેમના ઓસ્ટ્રેલિયા રહેતા ભાઈ નીલ પટેલે એકડી પે સ્કીમ અંગે જણાવ્યું હતું, કે તેમાં રોકાણથી નફો અને રોજ કેશબેક મળે છે. જલે ગૂગલ સર્ચ કરતા મહેસાણાના ધવલ પટેલનું નામ વાંચી વિશ્વાસ બેસતાં પોતાના દસ્તાવેજોથી રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં યુનિક વર્ચ્યુઅલ એકાઉન્ટ નંબર આપ્યો હતો. જે થકી કુલ પાંચ લાખ ટ્રાન્સફર કર્યા હતા.

આ રોકાણ બાદ ગઠિયાએ કેશબેકના મેસેજ મોકલ્યા અને રકમ વર્ચ્યુઅલ એકાઉન્ટના ડેશબોર્ડ પર જમા દેખાતી હતી. બાદમાં ગઠિયાઓએ મેસેજ મોકલ્યો કે જો ૨ હજારથી વધુ જમા નહીં કરાવો તો કેશબેક મળતું બંધ થઈ જશે, જેથી યુવકે વધુ ૨ હજાર ટ્રાન્સફર કર્યા હતા. પોર્ટલ પર ૭.૪૩ લાખ બેલેન્સ દેખાતું હતું. જ્યારે યુવકે રકમ વિડ્રો કરવાનો -યાસ કર્યો ત્યારે પરત ન મળી અને સાયબર ઠગે સંપર્ક તોડી નાખ્યો હતો. ઠગાઈનું જણાતાં યુવકે સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ કરી હતી. આવા ફ્રોડથી બચવા માટે અજાણ્યા ઈન્વેસ્ટમેન્ટ-ટાસ્ક ગ્રૂપોમાં ન જોડાઓ, શેરબજાર કે બેંકિંગ સિવાય વળતર-કેશબેકની ખાતરી આપતી સ્કીમ ફ્રોડ હોય છે, પેમેન્ટ ગેટવે, નોન-બેંકિંગ કંપની-પ્લેટફોર્મ માન્ય છે કે નહીં તે વેબસાઈટ પર ચકાસવું, અજાણી વેબસાઈટ કે લિંક પર પાનકાર્ડ, આધારકાર્ડ કે પાસપોર્ટ જેવા દસ્તાવેજ અપલોડ કરો તો તેનો ઉપયોગ સાયબર ગુનાઓમાં મ્યુલ એકાઉન્ટ ખોલવા થઈ શકે.તમારી સાથે કોઈ છેતરપિંડી થાય તો સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર કોલ કરી ફરિયાદ કરો.

### શહેર જીલ્લામાં ચોર ગઠીયા લૂંટારા બેફામ બન્યા લક્ષ્મીવાડી અને ધોરાજી નજીક બે ગંભીર ઘટના

# પેઢલામાં પગીને બંધક બનાવી ચલાવી લૂંટ

## મહિલા ત્રણ વર્ષના દિકરા સાથે ચાલીને જતાં હતાં ત્યારે ટુવ્હીલર પર આવેલા બે શખ્સ અડધા લાખનો ચેઇન ખેંચી ભાગ્યાઃ પગી વૃધ્ધને બંધક બનાવી છરીથી ઘાયલ કરી ચાર લૂંટારા રોકડ-મોબાઇલ લૂંટી ગયા

રાજકોટ તા. ૧૬

રાજકોટ શહેર જીલ્લામાં ચીલઝડપ અને લૂંટની ઘટના બની હતી. રાજકોટ શહેરના લક્ષ્મીવાડી મેઈન રોડ પર ચીલઝડપનો બનાવ બન્યો હતો. જેમાં ભારત ફરસાણની સામે હરીકૃષ્ણ એપાર્ટમેન્ટમાં રહેતા મહિલા ઘર નજીક ચાલીને જતાં હતાં ત્યારે ટુવ્હીલર પર આવેલા બે શખસ ચેઇન ખેંચી ભાગી ગયા હતાં.

પ્રથમ ઘટના જોઇએ તો રાજકોટ ભક્તિનગર પોલીસે શિલ્પાબેનની ફરિયાદ પરથી બે અજાણ્યા ટુવ્હીલરસવાર શખ્સો સામે ગુનો નોંધ્યો હતો. શિલ્પાબેન પરિવાર સાથે રહે છે. તેણી સાતમી તારીખે રાતે સાડા દસેક વાગ્યે રીધ્ધી સિધ્ધી એપાર્ટમેન્ટ સામેથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન પાછળથી સફેદ કલરના સુઝુકી એક્સેસ મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સોએ પોતાની બાઇક ધીમી પાડી હતી. આ વખતે પાછળ બેઠેલા શખ્સે શિલ્પાબેનના ગળામાં પહેરેલ આશરે ૯ ગ્રામ વજનની અને રૂ. ૫૦,૦૦૦ ની કિંમત ધરાવતી સોનાની ચેઈન તથા ગણપતિ-સાથિયાની ડિઝાઇનવાળું પેંડલ આચકો મારી ઝૂંટવી લીધું હતું અને સ્પીડમાં ફરાર થઈ ગયા હતા. બનાવ બનતા જ તેણીએ બૂમાબૂમ કરતાં લોકો ભેગા થઇ ગયા હતાં.

આ પછી તેણીએ એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સમાં નોકરી કરતા પોતાના પતિ હિતેશભાઇને ફોન કરી ઘટના સ્થળે બોલાવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ ટુવ્હીલરની પાછળ બેઠેલા શખ્સે કાળા કલરનું ટીશર્ટ અને બાઇક ચાલકે આછા દૂધિયા કલરનું ટીશર્ટ પહેરેલું હતું. બંને શખ્સો આશરે ૩૦ થી ૩૫ વર્ષની વયના હતાં. પરિવારમાં ચર્ચા-વિચારણા કર્યા બાદ પોલીસને જાણ કરતાં પીઆઇ જે. ડી. પરમારની રાહબરીમાં પીએસઆઇ વી. એલ. રાઠોડે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બીજી તરફ જીલ્લામાં લૂંટની ઘટના બની હતી. તેની માહિતી જોઇએ તો ધોરાજીની ભુખી ચોકડી પાસે આંબેડકરનગરમાં રહેતા અને પેઢલા નજીક હાઈવે પર મધુર બંગ્લોઝમાં પગી તરીકે નોકરી કરતા માધાભાઇ નાથાભાઇ બગડા



(ઉ.વ.૭૭)ને છરી, કુહાડી અને ધારીયા જેવા હથીયારો સાથે ઘસી આવેલા ચાર અજાણ્યા લૂંટારૂઓએ મુંગો દઇ રૂમમાં લઇ જઇ બંધક બનાવી હુમલો કરી રોકડ અને ફોન મળી કુલ રૂ.૪ હજારની લૂંટ કર્યાની જેતપુર ઉદ્યોગનગર પોલીસ મથકમાં દાખલ થતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

વિગતો અનુસાર માધાભાઇ એકાદ માસથી મધુર બંગ્લોઝમાં પગી તરીકે નોકરી ત્યાં એકલા રહે છે. આ સ્થળે કન્ટ્રકશનનું કામ ચાલુ છે. દિવસે ત્યાં શ્રમિકો કામ કરે છે. જયારે રાત્રે તે એકલા હોય છે. ગઇ તા.૧૪ના સવારથી તે પગી તરીકે નોકર પર હતા. રાતના બારેક વાગ્યે જમીને તેણે બંગલોમાં આંટો માર્યો હતો. વરસાદ ચાલુ હોવાથી ત્યાં પાર્કિંગમાં રાખેલા ખાટલા ઉપર બેસી ગયા હતા. મોડીરાત્રે બે-અઢી વાગ્યાની આસપાસ બંગલોમાં ચારેક અજાણ્યા શખ્સો ઘસી આવ્યા હતા. જેની ઉમર ૨૫-૩૦ વર્ષની હતી.

તેમાંથી બે શખ્સોએ તેને ''કાંઇ બોલતો નહી' કહી મુંગો આપી ચારેય ઉપાડી અંદર સામેના રૂમમાં લઇ ગયા બાદ આ બંગલાની ચાવી આપો અને માલ કયાં રાખેલો છે તે કહો'' તેમ કહેતા તેને ''બંગલામાં કોઇ રહેતુ નથી'' તેમ જવાબ આપ્યો હતો. આ સાથે જ ઉશ્કેરાયેલા ચારેય શખ્સોએ ત્યાં પડેલી ખાટલાની પાટીથી તેના હાથ-પગ બાંધી દીધા હતા. છતા તે બંગલામાં કોઇ રહેતુ નથી. કોઇ ચીજવસ્તુ નથી'' તેમ બોલતા હોવાથી ચારેયમાંથી એક શખ્સે તેને માથાના ભાગે છરીના ચાર-પાંચ ઘા ઝીંકી દેતા લોહી નિકળવા લાગ્યુ હતું.

બાદમાં તેના ખીસ્સામાંથી રૂા.૩૫૦૦ની રોકડ અને રૂા.૫૦૦ના ફોન કાઢી લૂંટ કરી બંગલામાં ચોરી કરવા ગયા બાદ ત્યાંથી બારોબાર જતા રહયા હતા. આ લૂંટારૂઓ ગુજરાતી બોલતા હતા જયારે એક હિન્દીમાં બોલતો હતો. ચારેયમાંથી એક પાસે કુહાડી, બીજા પાસે ધારીયુ અને ત્રીજા પાસે છરી હતી. મોડીરાત્રે તે પાટી છોડાવી રોડ ઉપર ગયા હતા. પરંતુ રાતનો સમય હોવાથી કોઇ મદદ નહી મળતા તે પરત આવી ગયા હતા. વહેલી સવારે એક રાહદારી પાસેથી ફોન લઇ તેના પુત્ર સહિતને બનાવની જાણ કર્યા બાદ તેને હોસ્પિટલમાં ખસેડાયા હતા. પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

### ક્યારેક લૂંટેરી દૂલ્હન ગેંગ છેતરે તો ક્યારેક લગ્નવાંચ્છુ ઓનલાઇન ભોગ બને

# અંજનાની આંજણમાં ગૂમાવ્યા સવા સાત લાખ

## મેટ્રીમોનીયલ સાઇટથી એકાઉન્ટન્ટ યુવાનને જાળમાં ફસાવી લગ્નની લાલચ આપી આઇએએસની તાલિમ ખર્ચ, સારવાર ખર્ચ, સહિતના નામે લાખો ખંખેરી પછી નંબર કરી દીધો બ્લોક

રાજકોટ તા. ૧૬

રાજ્યમાં અવાર-નવાર લગ્ન વાંચ્છુ યુવાનો છેતરાઇ જતાં હોય છે. ઘણીવાર લૂંટેરી દૂલ્હન ગેંગ તેમને છેતરીને રોકડ દાગીના ઉસેડી જાય છે. તો ઘણીવાર ગઠીયાઓ મેટ્રીમોનીયલ સાઇટ એટલે કે લગ્નો કરાવી આપવાના નામે ઓનલાઇન સેવા આપતી સાઇટના નામે ઠગાઇ થઇ જાય છે. આવો જ એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં યુવાનને મેટ્રીમોનીયલ સાઇટ પર ઠગ યુવતિ ભેટી ગઇ હતી. અંજના નામની આ યુવતિએ શરૂઆતમાં મીઠીમધુરી વાતો કરી હતી અને યુવાનને પોતાની મોહજાળથી આંજી દીધો હતો. બાદમાં અલગ અલગ બહાના કરી તેની પાસેથી સાત લાખ આડત્રીસ હજાર પડાવી લીધા હતાં અને સંપર્ક કાપી નાંખ્યો હતો. છેતરાયેલા યુવાને પોલીસની મદદ લેતાં તપાસ શરૂ થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના દહેગામ શહેરનાં નાંદોલ રોડ વિસ્તારમાં રહેતા અને ગાંધીનગર જીઆઈડીસીની ખાનગી કંપનીમાં અકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા બત્રીસ વર્ષીય યુવક સાથે બની છે. તેનો લગ્ન વિષયક વેબસાઇટ મારફતે પરિચય મેળવી લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. પોલીસ સુત્રોએ જણાવ્યા મુજબ ઠગ યુવતીએ યુવકને લગ્નની લાલચ આપી, આઇએએસની તાલીમ, સારવાર ખર્ચ અને ફોટો વાયરલ કરવાની ધમકી આપી કુલ રૂપિયા ૭,૩૮,૩૪૩ પડાવી લીધા હતા. ભોગ બનેલા યુવકે શાદી.કોમ એપ્લિકેશન પર અંજના ગૌતમભાઈ સોની નામની યુવતી સાથે સંપર્ક કર્યો હતો.

ત્યારબાદ યુવતીએ પોતે સેટેલાઇટ અમદાવાદ ખાતે રહેતી હોવાનું અને વિ-ો કંપનીમાં નોકરી કરતી હોવાનું જણાવી યુવકનો વિશ્વાસ જીતી લીધો હતો. બાદમાં બંને વચ્ચે વોટ્સએપ પર વાતચીત શરૂ થઈ હતી અને યુવતીએ તાલીમ પૂર્ણ થયા બાદ ગાંધીનગર ખાતે સાદગીથી લગ્ન કરવાનું વચન આપ્યું હતું. સૌપ્રથમ




યુવતીએ પોતાની બહેનની કોલેજ ફી માટે નાણાં મંગાવ્યા હતા. ત્યારબાદ પોતાની આઇએએસમાં પસંદગી થઈ હોવાનું કહી મસુરી તાલીમ માટે જવા, પુસ્તકો, કપડાં અને મોબાઈલ ફોન ખરીદવાના બહાને ગુગલ પે મારફતે અવારનવાર નાણાં મેળવ્યા હતા.

યુવકે પોતાની પાસે પૈસા ન હોવા છતાં બેંક અને એપ્લિકેશન મારફતે લોન લઈને પણ તેને રકમ મોકલી આપી હતી. યુવતીએ ત્યારબાદ મસુરી ખાતે પોતે પડી ગઈ હોવાનું અને મગજમાં લોહી જામી જતાં આઈસીયુમાં દાખલ હોવાનું કહી રોજેરોજ સારવારના નામે મોટી રકમ ગુગલ પે તથા બેંક એકાઉન્ટ મારફતે ટ્રાન્સફર કરાવી લીધી હતી. જ્યારે યુવકે પોતાની લોનના હપ્તા ભરવા માટે રૂપિયા એક લાખ પરત માંગ્યા, ત્યારે યુવતીએ તેને વોટ્સએપ પર બ્લોક કરી દીધો હતો.

પોતાની સાથે લગ્નની લાલચ આપી જુદા જુદા બહાના હેઠળ કુલ રૂપિયા ૭,૩૮,૩૪૩ની છેતરપિંડી અને વિશ્વાસઘાત થયો હોવાનું જણાતાં છેતરાયેલા યુવકે આ અંગે દહેગામ પોલીસ મથકે કાયદેસરની ફરિયાદ નોંધાવતા પોલીસે અંજના સોની નામની યુવતી વિરુદ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ રીતે સોશીયલ મિડીયાનો દુરૂપયોગ કરીને ગઠીયાઓ અલગ અલગ રીતે લોકોને છેતરતા રહે છે. ઘણીવાર શેર બજાર કે ગોલ્ડ કે પછી યુએસડીમાં રોકાણના નામે ફ્રોડ કરી લે છે તો ઘણીવાર આ રીતે મેટ્રીમોનીયઇલ સાઇટ પર ગઠીયાઓ જાળ બીછાવીને લોકોને ફ્રોડનો શિકાર બનાવી હજારોથી માંડી લાખો કરોડો ઉસેડી લેવામાં સફળ થતાં હોય છે.

આ કિસ્સામાં પણ યુવાનને મોહજાળમાં ફસાવી ઓનલાઇન તેની પાસેથી લાખો રૂપિયા ઉસેડી લીધા બાદ તેનો નંબર બ્લોક કરી દીધો હતો. આ રીતે ઓનલાઇન અજાણી યુવતિઓ સાથે સંપર્ક આગળ વધારતાં પહેલા સો નહિ બસ્સો વખત વિચાર કરવાનો આ સમય છે. ગઠીયાઓ રોજેરોજ નવા જુના નુસ્ખા તરકીબોનો ઉપયોગ કરે છે. જેમાં કોઇને કોઇ લોકો તો ફસાઇ જ જતાં હોય છે. ગઠીયા ક્યારે કોને કઇ રીતે છેતરી જાય તે કહેવુ ખુબ જ મુશ્કેલ બની ગયું છે. સોશિયલ મિડીયા ઈન્ટરનેટ માધ્યમોનો અને ઓનલાઇન બીજી કોઇપણ સેવાઓનો ઉપયોગ કરીએ તો ખુબ જ સાવચેત રહીએ. લાલચમાં ન આવીએ અને અજાણ્યાઓ સાથે આ માધ્યમથી મૈત્રી કરતાં પહેલા ચકાસણી કરીએ જેથી કરીને ફ્રોડથી બચી શકાય.

### છેતરી લેવાની ઘટનાઓ અવિરતઃ વધુ બે યુવાને ગુમાવ્યા લાખો રૂપિયા

# વર્ક પરમીટના નામે બાર લાખનો ડામ

## ટેક્સી ચાલક સાથે ઠગ દંપતિએ પચાસ લાખમાં સોદો કરી રોકડા પડાવી લીધાઃ બીજી ઘટનામાં આરટીઓ ચલણના નામે એપીકે ફાઈલ મોકલી પંદર લાખ ઉસેડી લેવાયા

રાજકોટ, તા.,૧૬

વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે થઇ રહેલી ઠગાઇની ઘટનઓમાં સતત વધારો થઇ રહ્યો છે. વધુ એક આવી ઠગાઇ થઇ હતી. જેમાં એક ટેક્સી ડ્રાઇવરને બાર લાખનો ચૂનો લગાવી દવાયો હતો. ઓસ્ટ્રેલિયાના વર્ક પરમીટ વિઝાના નામે ઠગ દંપતિએ પચાસ લાખમાં સોદો નક્કી કરી આ યુવાન પાસેથી રોકડા લઇ લીધા હતાં. પરંતુ બાદમાં વિઝા ન મળતાં યુવાન પોલીસ પાસે દોડ્યો હતો. ઠગાઇની બીજી ઘટનામાં આરટીઓના ઇ ચલણના નામે પંદર લાખની છેતરપીંડી થઇ ગઇ હતી.

વિગતો પર નજર કરીએ તો ગાંધીનગરના પેથાપુર ખાતે ઓલા-ઉબેર ટેક્સી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવતા ડ્રાઈવર સાથે ઓસ્ટ્રેલિયાના પીઆર વીઝા અપાવવાના નામે રૂ. ૧૨.૧૦ લાખની છેતરપિંડી આચરવામાં આવી છે. ઠગ એજન્ટ દંપતીએ નકલી દસ્તાવેજો આપી અને વાયદાઓ કરીને રકમ પડાવી લેતાં પેથાપુર પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. મૂળ ભિલોડાના નવા વણઝર ગામના વતની અને હાલ પેથાપુરમાં રહેતા ભરતપુરી અમ્રુતપુરી ગોસ્વામી અવારનવાર મોગલ માતાજીના મંદિરે દર્શનાર્થે જતા હતા. જ્યાં તેમની મુલાકાત જયકુમાર મુકેશભાઈ મોદી અને તેની પત્નિ ઇશાબેન સાથે થઈ હતી.

આ દંપતીએ ગાંધીનગર સેક્ટર-૧૧ અને એસ.જી. હાઈવે અમદાવાદ ખાતે ઓફિસ હોવાનું જણાવી વિદેશ મોકલવાનો વ્યવસાય કરતા હોવાનો વિશ્વાસ કેળવ્યો હતો. દંપતીએ ફરિયાદીના ઘરે જઈ ઓસ્ટ્રેલિયા મોકલવાનો કુલ રૂ. ૫૦ લાખમાં સોદો નક્કી કર્યો હતો. લાલચમાં આવીને ફરિયાદીએ બાનાખત પેટે રૂ. ૫૦ હજાર આપ્યા હતા. ત્યારબાદ નોટરાઈઝ્ડ કરાર કરીને બેંક ટ્રાન્સફર અને રોકડ માધ્યમથી સગા-સંબંધીઓ પાસેથી વ્યાજે લીધેલા ટુકડે-ટુકડે કુલ રૂ. ચૌદ લાખ દંપતીના ખાતામાં જમા કરાવ્યા હતા.




બાદમાં વિશ્વાસ જીતવા ઠગ દંપતીએ પોલીસ વેરિફિકેશન અને મેડિકલ ટેસ્ટ કરાવ્યો હતો. ત્યારબાદ પીટીઇની પરીક્ષા સેટિંગથી પાસ કરાવી દેવાની લાલચ આપીને એડિટ કરેલી નકલી પીડીએફ મોકલી આપી હતી. ફરિયાદીએ આઈડી-પાસવર્ડ માંગતાં ખોટો પાસવર્ડ આપી ગોળગોળ વાતો કરી હતી. ભાંડો ફૂટી જતાં ઉઘરાણીના દબાણમાં દંપતીએ માત્ર રૂ. ૧.૯૦ લાખ પરત કર્યા હતા. બાકીના રૂ. ૧૨.૧૦ લાખ ન આપતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આમ વધુ એક યુવાન વિદેશ જવાની લ્હાયમાં લાખોમાં છેતરાઇ ગયો હતો.

બીજી ઘટના જોઇએ તો વડોદરાના સાવલીમાં આરટીઓના ચલણના નામે એક સાયબર છેતરપિંડીનો કિસ્સો સામે આવ્યો છે. અજાણ્યા ભેજાબાજોએ વોટ્સએપ પર એપીકે ફાઇલ મોકલીને એક વ્યક્તિના બેંક ખાતામાંથી કુલ ૧૪ લાખ ૯૦ હજાર રૂપિયા ઉપાડી લીધા હતાં. પીડિતને વોટ્સએપ પર એક અજાણ્યા નંબર પરથી આરટીઓ ચલાન નામની એપીકે ફાઇલની લિંક મળી હતી. આ લિંક પર ક્લિક કરતા જ તે ફાઇલ મોબાઇલમાં ડાઉનલોડ થઈ ગઈ હતી. આ પછી ભેજાબાજોએ પીડિતના મોબાઈલનો એક્સેસ મેળવી લીધો હોવાનો આક્ષેપ છે. મોબાઈલનો કંટ્રોલ મળ્યા બાદ તેમણે બેંક ખાતામાંથી ટુકડે-ટુકડે કરીને પૈસા ઉપાડવાનું શરૂ કર્યું.

ગઠીયાઓએ આ રીતે ચૌદ લાખ નેવુ હજાર ઉસેડી લીધા હતાં. આ સમગ્ર મામલે સાવલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ત્‍વ એક્ટની કલમો હેઠળ ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી. આવી ઠગાઇ અવાર-નવાર થતી હોય છે. કોઇપણ અજાણ્યા નંબરોમાંથી આવતી કે કોઇ જાણીતાના નંબરથી આવતી એપીકે ફાઇલની પુરતી ચકાસણી કર્યા પછી જ ઓપન કરવી જોઇએ.

# દસ મિનીટ રેઢા પડેલા એક્ટીવાની ડેકીમાંથી સિત્તેર હજારની ચોરી

## ગેસ એજન્સીના ડિલીવરીમેન મિત્રને મળીને આવ્યા ત્યારે ગઠીયો તેની નજર સામે જ ચોરી કરી ભાગ્યોઃ થોરાળા પોલીસે ઝડપી લેવા કરી તજવીજ




રાજકોટ તા. ૧૬

ચોરીની અવાર-નવાર બની રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક આવો બનાવ બન્યો હતો. જેમાં ગેસ એજન્સીમાં ડિલિવરી બોય તરીકે કામ કરતા યુવકે પોતાના એકટીવાની ડિકીમાં રાખેલા કલેક્શનના રૂ. ૭૦,૦૦૦ રોકડા એક શખ્સ નજર સામે જ ચોરી કરીને ભાગી છૂટ્યો હતો. ચુનારાવાડ ચોકમાં આ ઘટના બની હતી.

વિગતો જોઇએ તો આ બનાવમાં થોરાળા પોલીસે ભગવતીપરા શેરી નંબર ૨૦માં રહેતા અને આડા પેડક રોડ પર આવેલી અપના બજાર ગેસ એજન્સીમાં ડિલિવરી બોય તરીકે કામ કરતા સુરેશભાઈ વજુભાઈ ડાંગરની ફરિયાદ પરથી સંતોષ ઉર્ફે હાટકી ચીનાભાઇ જાડેજા વિરૂધ્ધ ચોરીનો ગુનો નોંધી સકંજામાં લેવા તજવીજ હાથ ધરી હતી. ફરિયાદ મુજબ બપોરે પોણા બારેક વાગ્યે બાટલા ડિલીવરીનું કામ પુરૂ કરી સુરેશભાઈ ચુનારાવાડ શેરી નં. ૫માં આવેલ ચંદ્રકા પાન પાસે પહોંચ્યા હતા.

જયાં તેમણે પોતાનું એક્ટિવા જીજે૦૩પીબી-૧૯૬૫ પાર્ક કર્યું હતું. ગેસના બાટલાનું કલેક્શન કરેલા રોકડા રૂ. ૭૦,૦૦૦ એક્ટિવાની ડીકીમાં મુકીને તેઓ નજીકમાં રહેતા પોતાના મિત્ર પાસે બાકી નીકળતા પૈસા લેવા માટે ગયા હતા. સુરેશભાઈ મિત્ર પાસેથી પૈસા લઈને આશરે ૧૦ મિનિટ બાદ પરત આવ્યા ત્યારે તેમણે જોયું તો એક શખ્સ તેમના એક્ટીવમાંથી કંઇક ભાઢીને ભાગતો જોવા મળ્યો હતો. આ શખ્સ ચુનારાવાડ શેરી નં. ૫ માંજ રહેતો સંતોષ ઉર્ફે હાટકી ચીનાભાઈ જાડેજા હોવાનું લોકો મારફત જાણવા મળ્યું હતું. શંકા જતાં સુરેશભાઈએ ડીકી ખોલીને તપાસ કરતા અંદર રાખેલા રોકડા રૂ. ૭૦,૦૦૦ ગાયબ જણાયા હતા. આ સમગ્ર ઘટના નજીકમાં હાજર એક મહિલાએ પણ નજરે જોઈ હતી. થોરાળા પોલીસને જાણ કરતાં એએસઆઇ કે.એચ. પળાલીયાએ ગુનો નોંધતા ડી. સ્ટાફ ટીમે આરોપીને ઝડપી લેવા કાર્યવાહી આગળ વધારી હતી.

### અગાઉ મને પકડ્યો ત્યારે તું પણ સાથે હતો પોલીસે તને કેમ જેવા દીધો? કહી સશસ્ત્ર હુમલો

# આજ પછી પોલીસને બાતમી દીધી તો જીવતો નહિ મુકીએ!

## ગાંધીગ્રામ ધરમનગર આવાસ ક્વાર્ટરમાં યુવાને એમડી ડ્રગ્સની બાતમી દીધાની શંકાથી ચાર જણા તૂટી પડ્યાઃ વચ્ચે પડનાર યુવાનના પત્નિને પણ ઈજાઃ યુનિવર્સિટી પોલીસે કરી કાર્યવાહી

રાજકોટ તા. ૧૬

શહેરમાં અમુક છાપેલા કાટલા ગમે ત્યારે ગમે તેની સાથે ધમાલ મચાવી કાયદાની ઐસી તૈસી કરી નાંખે છે. આવી ઘટનાઓ સતત વધી ગઇ છે. આ વચ્ચે ગાંધીગ્રામ દોઢસો ફુટ રીંગ રોડ ધરમનગર આવાસ યોજનાના ક્વાર્ટરમાં રહેતાં યુવાનને આ ક્વાર્ટરમાં જ રહેતાં શખ્સે બીજા શખ્સો સાથે મળી ધોકા, પાઇપ, છરીથી હુમલો કરી ઇજા પહોંચાડતાં અને તેના પત્નિ વચ્ચે પડતાં તેને પણ ઘાયલ કરી દઇ માથે જતાં ધમકી દેતાં ફરિયાદ થઇ છે. હુમલાખોર પૈકીનો સુનિલ નામનો શખ્સ અગાઉ એમડી ડ્રગ્સ સાથે પકડાયો તેની બાતમી આ યુવાને આપ્યાની શંકા રાખી તેના પર હુમલો કરી લોહીલુહાણ કરી નંખાયો હતો અને આજ પછી બાતમી આપીશ તો જીવતો નહિ રહે કહી ધમકાવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે દોઢસો રીંગ રોડ સ્ટર્લિંગ હોસ્પિટલ પાછળ ધરમનગર આવાસ યોજના ક્વાર્ટર ૧૫/૪૨૫માં રહેતાં અને ડ્રાઇવીંગ કરી ગુજરાન ચલાવતા અઠ્ઠાવીસ વર્ષના યુવાન અનિરૂધ્ધસિંહ અરવિંદસિંહ વાઘેલાની ફરિયાદ પરથી સુનિલ ઉર્ફે સુની, ૠત્વીક, ભોલો અને અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધ્યો હતો. ફરિયાદમાં જણાવાયા મુજબ અનિરૂધ્ધસિંહ પોતાના ઘરની ડેલી પાસે બહાર બેઠા હતા.



તે દરમિયાન ઉપરના ધરમનગર ક્વાર્ટરમાં જ રહેતોસુનિલ ઉર્ફે સુની અને તેનો મિત્ર ૠત્વિક એક્સેસ મોટરસાયકલ પર ત્યાંથી પસાર થયા હતા. ત્યારબાદ આશરે પંદરેક મિનિટ પછી સુનિલ ઉર્ફે સુની, ૠત્વિક, ભોલો અને એક અજાણ્યો શખ્સ એક્સેસ તથા સ્પ્લેન્ડર બાઇક પર હથિયારો સાથે ધસી આવ્યા હતા. સુનિલ ઉર્ફે સુનીએ અનિરૂધ્ધસિંહ પર આક્ષેપ કર્યો હતો કે-હું એમડી ડ્રગ્સના કેસમાં પકડાયો હતો, તેની બાતમી તે જ પોલીસને આપી હતી. તું પણ મારી સાથે ત્યારે હાજર હતો તને પોલીસે કેમ જવા દીધો?

જેથી અનિરૂધ્ધસિંહે પોતાનો કોઈ વાંક ગુનો ન હોઇ પોલીસે જવા દીધો હતો તેમ કહેતાં સુનિલ વધુ ઉશ્કેરાઇ ગયો હતો અને ગાળો ભાંડવા માંડ્યો હતો. વાતચીત વધતા સુનિલે તેના એક્સેસમાં રાખેલ લાકડાના ધોકા વડે અનિરૂધ્ધસિંહના જમણા પડખામાં ઘા માર્યો હતો. તેની સાથે રહેલા ૠત્વિકે નેફામાંથી છરી કાઢી ડાબા હાથની કોણી પર તથા જમણા પગના ઘૂંટણ નીચે છરીના ઘા ઝીંકી દીધા હતા. આ ઉપરાંત ભોલાએ લાકડાના ધોકા વડે અને અજાણ્યા શખ્સે સ્ટીલના પાઈપ વડે શરીરે, કમરે અને પેટના ભાગે આડેધડ ઘા મારી ઢોર માર માર્યો હતો.

આ દરમિયાન ૠત્વિક વધુ છરીના ઘા મારવા જતાં અનિરૂધ્ધસિંહના પત્નિ રૂબીનાબેન વચ્ચે પડતાં તેણીને ડાબા હાથની આંગળી પર ઈજા થઇ હતી. લોકો ભેગા થઇ જતાં આ શખ્સો-આજ પછી પોલીસને બાતમી આપીશ તો જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી ફરાર થઈ ગયા હતા. ઘટના બાદ ઈજાગ્રસ્ત દંપતિ સારવાર માટે હોસ્પિટલે પહોંચતા હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના એએસઆઇ જે. એચ. જાડેજાએ ગુનો દાખલ કરી પોલીસ ઇન્સ. કે. કે. ગોહિલના માર્ગદર્શનમાં તપાસ શરૂ કરી હતી. આમ બાતમી દીધાની શંકાએ નામીચા શખ્સે સાગ્રીતો સાથે મળી ગુંડાગીરી આચરી દંપતિ પર હુમલો કરી દીધો હતો.

### રોજ ઉઠીને ગઠીયાઓ નવતર કિમીયા વહેતા મુકી લોકોને બનાવે છે શિકાર

# પોલીસીમાં વળતરના નામે વેપારી સાથે ઠગાઇ

## ગઠીયાએ શિક્ષકને પ્રિમીયમમાં ઘટાડો કરી આપવાની પણ લાલચ દીધી હતીઃ બીજા બનાવમાં મોહમ્મદ નામનો ગઠીયો પ્રસાદના નામે વેપારીના સવા લાખના પિત્તળના ત્રણ તપેલા ગપચાવી ગયો!

રાજકોટ તા. ૧૬

સાયબર ગઠીયાઓ ગમે તેમ કરીને લોકોને છેતરી લેવામાં સફળ થાય છે. વધુ આવી ઠગાઇઓ સામે આવી હતી. જેમાં અલગ અલગ રીતે અલગ અલગ કિમીયાઓનો ઉપયોગ કરી લોકોને છેતરી લેવાયા હતાં. એક પ્રાથમિક શાળાના કર્મચારી સાથે ઓનલાઇન ઠગાઇ થઇ ગઇ હતી. તેમને અજાણ્યા નંબર પરથી ફોન કરી વીમા કંપનીમાં એજન્ટ કોડ હટાવી પ્રીમીયમમાં ઘટાડો કરાવી વધુ વળતરની લાલચ આપી છેતરી લેવાયા હતાં. બીજી તરફ એક ગઠીયાએ છસ્સો લોકો માટે દરગાહમાં દુધ બનાવવાનું છે તુવ કહી કેટરીંગુનં કામ સંભાળતા વ્યક્તિ સાથે ઠગાઇ કરી હતી. આ બંને કિસ્સામાં ઠગાઇમાં ગયેલી રકમ નાની હતી પરંતુ ગઠીયાઓએ અજમાવેલા નવતર પ્રયોગો જાણવા જેવા છે. જેના થકી બીજા લોકો છેતરાઇ જતાં અટકી શકે.

વિગતો જોઇએ તો ગાંધીનગર સેક્ટર-૩ના રહીશ અને -ાથમિક શાળાના કર્મચારી સાથે ઓનલાઇન ઠગાઈ આચરાઈ હતી. રજાના દિવસે તેઓ ઘરે હતા ત્યારે તેમના ફોન પર અજાણ્યા નંબર પરથી કૉલ આવ્યો હતો. વાત કરનારે વીમા કંપનીમાંથી બોલતી હોવાનું કહી પોલિસીમાંથી એજન્ટ કોડ હટાવીને પ્રીમિયમમાં ઘટાડો કરી આપવાની તેમજ રકમ પરત અપાવવાની વાત કરી હતી. ત્યાર બાદ અલગ-અલગ સમયે અન્ય બે નંબરો પરથી પણ ફોન કરવામાં આવ્યા હતા. આ લોકોએ સામી વ્યક્તિને વિશ્વાસમાં લઈને પ્રિમિયમ ઓનલાઇન ભરવાથી વળતર મળશે તેવી વાત કરી હતી.

તેમણે વોટ્સઅપ પર એક યુપીઆઈ આઈડી મોકલી આપ્યું હતું અને તે આઈડી ગુગલ પેમાં કોપી કરીને પ્રિમિયમની રકમ જમા કરાવવા જણાવ્યું હતું. વાતમાં આવીને ભોગ બનનારે આઈડી ઉપર ૫૫,૮૨૨ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા. સામેથી બીજા દિવસે વળતરની રકમ ખાતામાં આવી જશે




તેવું કહેવામાં આવ્યું હતું. બીજા દિવસ સુધી ખાતામાં નાણાં જમા ન થતાં ભોગ બનનારે અગાઉ ફોન આવ્યા હતા તે નંબરો પર સંપર્ક કર્યો હતો. સામેથી -ક્રિયા ચાલુ હોવાનું બહાનું બતાવવામાં આવ્યું હતું અને બાદમાં ચેકબુકની ઝેરોક્ષ માંગવામાં આવી હતી. શંકા જતાં તેમણે પોતાના પૈસા પરત આપવાનું કહેતાં સામેથી સંપર્ક કાપી નાખવામાં આવ્યો હતો. પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાનો ખ્યાલ આવતાં તેમણે સાયબર ક્રાઇમ હેલ્પલાઇન નંબર પર જાણ કરી હતી. આ મામલે પોલીસ મથકે પહોંચીને ગુનો દાખલ કરાયો હતો.

બીજી એક ગઠીયાગીરી જોઇએ તો બારોડોલીમાં ધાર્મિક પ્રસંગમાં રસોઈનું બહાનું ધરી વેપારીઓ સાથે છેતરપિંડી આચરતી ટોળકી સક્રિય થઈ હોય તેમ બારડોલીનાકટરર્સ સાથે એક લાખ વીસ હજારની કિંમતી વાસણોની ઠગાઈનો કિસ્સો સામે આવ્યો હતો. શાસ્ત્રી રોડ સ્થિત સાંઈનાથ પાર્કમાં રહેતા અને કેટરિંગનું કામકાજ સંભાળતા અડતાલીસ વર્ષીય જોમતારામ ઉર્ફે જગદીશભાઈ ઓટાજી પુરોહિતનો મોહમ્મદ સાહિબ નામના શખ્સે મોબાઈલ પર સંપર્ક કર્યો હતો. તેણે ચાંદપીર દરગાહ ખાતે છસ્સો લોકો માટે દૂધ બનાવવાનું છે એમ જણાવી મોટા વાસણોની માંગ્યો હતો. વેપારીએ વિશ્વાસ મૂકી પિત્તળનાં ત્રણ મોટાં તપેલાં દૈનિક પાંચસો લેખે બે દિવસ માટે ભાડે આપ્યાં હતાં.

ત્યારબાદ બે દિવસની મુદત પૂર્ણ થયા બાદ પણ તપેલાં પરત ન આવતાં અને આરોપી તરફથી સંતોષકારક જવાબ ન મળતાં છેતરાયાનો અહેસાસ થયો હતો. પિત્તળના એક તપેલાની કિંમત ચાલીસ હાજર લેખે એક લાખ વીસ હજારનો મુદ્દામાલ પચાવી પાડવામાં આવ્યો હતો. આ મામલે બારડોલી ટાઉન પોલીસમાં ગુનો નોંધાયો હતો. જ્યારે કોઈ ધાર્મિક પ્રસંગનું નામ લે છે, ત્યારે વેપારીઓ સહજતાથી એવું વિચારી લે છે કે ધર્મના કામમાં કોઈ ખોટું નહીં બોલે અથવા પુણ્યના કામમાં કડકાઈ શું રાખવી આ માનસિકતાને કારણે જ નિયમો બાજુ પર રહી જાય છે અને કાગળો કે એડવાન્સ રકમની માંગણી થતી નથી. જેથી ચાલાક ઠગો જાણી જોઈને વાતોમાં ધાર્મિક વાતાવરણ ભું કરે છે, જેથી વેપારીના મનમાં શંકા કરવાનો કોઈ અવકાશ ન રહે. આ બંને ઠગાઇમાં રકમ ઓછી હતી પરંતુ ગઠીયાઓની કારીગીરી નવી હતી.

### મનપાના મતે સતત ચેકિંગને કારણે સેમ્પલનો મોટો ભરાવો

# પ્રજાના સ્વાસ્થ્ય સાથે 'લેબોરેટરી' ની રમતો?

## ૨૦૦ સેમ્પલ ધૂળ ખાતા રહ્યા, ભેળસેળિયાઓને બખ્ખાં! : ૧૮ વોર્ડ વચ્ચે માત્ર ૫ અધિકારીઓ

રાજકોટ, તા.૧૬

રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ બ્રાન્ચ છેલ્લા બે મહિનાથી શહેરમાં ખાદ્ય પદાર્થોની તપાસના નામે સેમ્પલિંગ ડ્રાઇવ ચલાવી રહી છે, પરંતુ વાસ્તવિકતા કાંઈક અલગ જ ચિત્ર બતાવે છે. શંકાસ્પદ ખાદ્ય પદાર્થોના આશરે ૨૦૦ જેટલા સેમ્પલ લઈને લેબોરેટરીમાં ચકાસણી માટે મોકલી તો દેવાયા છે, પણ આજ સુધી તેમાંથી એક પણ સેમ્પલનો રિપોર્ટ આવ્યો નથી. રિપોર્ટના અભાવે ભેળસેળ કરતા વેપારીઓ કોઈ પણ ડર વગર પોતાનો ધંધો ચાલુ રાખી રહ્યા છે અને તંત્ર લાચાર બનીને તમાશો જોઈ રહ્યું છે. મહાનગરપાલિકાના મતે સતત ચેકિંગ ડ્રાઇવને કારણે લેબોરેટરીમાં સેમ્પલનો મોટો ભરાવો થઈ ગયો છે, જેના કારણે રિપોર્ટ આપવામાં વિલંબ થઈ રહ્યો છે. સામાન્ય રીતે રાજકોટના સેમ્પલ બરોડા લેબમાં અને ત્યાં ભરાવો હોય તો પુણે મોકલવામાં આવે છે. નિયમ મુજબ આ તમામ વિગતો જાહેર આરોગ્યના હિતમાં ગુપ્ત રખાય છે, પરંતુ રિપોર્ટ સમયસર ન આવતા કોર્ટ કેસ દાખલ કરવાની આખી પ્રક્રિયા જ અટકી પડી છે.

શહેરની વધતી વસ્તી અને ખાનપાનના ધંધાર્થીઓની સામે મનપા પાસે માત્ર ૫ ફૂડ સફાઇ ઓફિસર જ કાર્યરત છે. ૧૮ વોર્ડ મુજબ વોર્ડ દીઠ ૨ લેખે કુલ ૩૬ ફૂડ ઓફિસર ફાળવવાની દરખાસ્ત મૂકવામાં આવી છે, પરંતુ હાલ માત્ર ૪ અધિકારીઓની ભરતી પ્રક્રિયા આગળ ધપાવાઈ છે. પૂરતો સ્ટાફ ન હોવાથી કાયમી અને કડક ચેકિંગ કામગીરી કાગળ પર જ સીમિત રહી જાય છે. મનપા દ્વારા રાજકોટમાં જ ફૂડ લેબોરેટરી બનાવવા માટે બજેટરી પ્રોજેક્ટ પર કામ શરૂ કરાયું છે અને આઠેક મહિનામાં તે તૈયાર થવાની શક્યતા છે. જોકે, નિયમ મુજબ લેબમાં ક્વોલિફાઇડ સ્ટાફ નીમવો પડે તેમ હોવાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કરતાં મહેકમ (સ્ટાફ) ખર્ચ વધી જવાની આશંકા છે. સાથોસાથ સૌરાષ્ટ્રના અન્ય શહેરોના સેમ્પલ પણ ટેસ્ટિંગ માટે અહીં જ આવશે, જેથી ભવિષ્યમાં અહીં પણ સેમ્પલનો ભરાવો થવાની ભીતિ સેવાઈ રહી છે.



### ભેળસેળિયાઓને 'લેબ'ના નામે જલસા

**રાજકોટવાસીઓ જે ખોરાક ગટગટાવી રહ્યા છે તે શુદ્ધ છે કે ઝેર? એ સવાલનો જવાબ સરકારી લેબોરેટરીના અંધેર તંત્ર પાસે પણ નથી! નાગરિકોના સ્વાસ્થ્યનું રક્ષણ કરવા માટે લેવાયેલા ૨૦૦થી વધુ શંકાસ્પદ ખાદ્યપદાર્થોના સેમ્પલો ધૂળ ખાતા પડી રહ્યા છે. રિપોર્ટ આવવામાં મહિનાઓનો વિલંબ થતાં ભેળસેળિયા વેપારીઓ કોઈ પણ ડર વગર પોતાનો કાળો કારોબાર ચલાવી રહ્યા છે.**

- તપાસનું નાટક, પરિણામ શૂન્યઃ દરોડા પાડીને માત્ર સેમ્પલ લેવાનો દેખાડો કરાય છે, પણ લેબના ધાંધિયાને કારણે રિપોર્ટ સમયસર આવતા જ નથી.
- ભેળસેળિયાઓને લોટરીઃ કાયદાકીય કાર્યવાહી રિપોર્ટ પર આધારિત હોય છે. રિપોર્ટ લટકેલા રહેતાં ગુનેગારોને છટકબારી અને કમાઈ લેવાનો પૂરતો સમય મળી જાય છે.
- જનતાના પેટમાં 'ધીમું ઝેર': તંત્રની આ ઘોર બેદરકારીનો સીધો ભોગ સામાન્ય જનતા બની રહી છે, જે નાણાં ચૂકવીને પણ રોગ ખરીદવા મજબૂર છે.જો સેમ્પલના રિપોર્ટ જ સમયસર ન આવવાના હોય તો આવી કામગીરીનો અર્થ શું? તંત્રની આ સુસ્તી ભેળસેળિયાઓ માટે આશીર્વાદ અને રાજકોટની જનતા માટે સ્વાસ્થ્યનું જોખમ બની ગઈ છે.

# હરિહર ચોક ખાતે બોક્સ કલવર્ટની કામગીરી પૂર્ણ

## ૧ વર્ષથી બંધ રસ્તો આગામી ૨-૩ દિવસમાં ખુલશે, વાહનચાલકોને મળશે મોટી રાહત



રાજકોટ, તા. ૧૬

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના હૃદયસમા ગણાતા હરિહર ચોક ખાતે હાથ ધરાયેલી મહત્વપૂર્ણ વિકાસલક્ષી કામગીરી હવે સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે. વોર્ડ નંબર ૨ અને વોર્ડ નંબર ૭ની સરહદ પર આવેલા હરિહર ચોકથી ચૌધરી હાઈસ્કૂલ તરફ જતા માર્ગ પરના જૂના અને જર્જરિત આર્ક ટાઇપ ક્લવર્ટને દૂર કરીને તેના સ્થાને આધુનિક અને મજબૂત બોક્સ સ્લેબ ટાઇપ ક્લવર્ટ તેમજ રિટેઈનિંગ વોલ બનાવવાનું કામ પૂરું કરી લેવામાં આવ્યું છે. આ અંગે સિટી ઈજનેર અતુલ રાવલના જણાવ્યા મુજબ, ગત સપ્ટેમ્બર મહિનાથી રૂ. ૨.૪૯ કરોડના ખર્ચે શરૂ થયેલો આ પ્રોજેક્ટ નિર્ધારિત ૧૨ મહિનાની સમયમર્યાદામાં જ પૂર્ણ કરી દેવાયો છે. હવે રસ્તો બનાવવા સહિતની તમામ કામગીરી પૂરી થઈ ચૂકી હોવાથી આગામી ૨-૩ દિવસમાં જ ૧ વર્ષથી બંધ રહેલો આ રસ્તો વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવશે, જેનાથી ચોમાસા દરમિયાન પાણીના સુચારુ નિકાલમાં પણ મોટી મદદ મળશે.

આ રસ્તો શરૂ થતાંની સાથે જ લીમડા ચોકથી ચૌધરી હાઈસ્કૂલ, સદર બજાર અને હોસ્પિટલ ચોક તરફ આવતા-જતા હજારો વાહનચાલકોની ટ્રાફિક સમસ્યાનો કાયમી ઉકેલ આવશે. ભૂતકાળમાં સર્વેશ્વર ચોક અને ડો. યાજ્ઞિક રોડ પર કામગીરી ચાલુ હોવાથી સદર બજારના આ વોંકળાનું કામ પાછું ઠેલવાયું હતું, પરંતુ સર્વેશ્વર ચોકનું કામ પૂરું થતાં જ આ જટિલ કામગીરી હાથ ધરાઈ હતી. નિર્માણ કાર્ય દરમિયાન લોકોની સુરક્ષા જાળવવા પોલીસ કમિશનરના જાહેરનામા દ્વારા કાશી વિશ્વનાથ મેઈન રોડથી હરિહર ચોક તરફનો ટ્રાફિક બંધ કરીને વાહનોને હેડ પોસ્ટ ઓફિસ, જ્યુબિલી ગાર્ડન, જવાહર રોડ અને ફૂલછાબ ચોક તરફ ડાયવર્ટ કરવામાં આવ્યા હતા. આ વૈકલ્પિક રૂટના કારણે વાહનચાલકોને દૈનિક ૧ થી ૧.૫ કિલોમીટર સુધીનો વધારાનો ફેરો કરવો પડતો હતો અને પીક અવર્સ દરમિયાન સમય તથા ઈંધણનો વ્યય સહન કરવો પડતો હતો. હવે આ રસ્તો પુનઃ શરૂ થતાં જ વાહનચાલકોને આ લાંબા ફેરા અને ટ્રાફિકની હાલાકીમાંથી સંપૂર્ણ મુક્તિ મળશે.

### મેઘરાજાની 'સેકન્ડ ઈનિંગ્સ'નો પ્રારંભ

# પાક માટે 'જીવનદાન': વરસાદની ૯% ઘટ સરભર થવાની આશા

## બે મજબૂત સિસ્ટમ્સ સક્રિય થતાં ૭ દિવસ વરસાદી માહોલ, ૩ દિવસ થન્ડરસ્ટોર્મનું ઓરેન્જ એલર્ટ

રાજકોટ, તા.૧૬

ચોમાસાના અંતિમ તબક્કામાં હવામાન વિભાગ (IMD) દ્વારા ગુજરાત માટે અત્યંત મહત્વપૂર્ણ બુલેટિન જારી કરવામાં આવ્યું છે, જે મુજબ રાજ્યમાં આગામી ૭ દિવસ સુધી છૂટાછવાયાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડે તેવી પ્રબળ શક્યતા છે. હવામાન નિષ્ણાતોના મતે, હાલમાં વાતાવરણમાં એકસાથે બે મજબૂત સિસ્ટમ્સ આકાર પામી રહી છે. જેમાં બંગાળની ખાડીમાં સર્જાયેલું લો પ્રેશર ધીમે-ધીમે પશ્ચિમ તરફ સરકી રહ્યું છે અને બીજી તરફ મુખ્ય મોન્સૂન ટ્રફ લાઇન સામાન્ય સ્થિતિ કરતાં વધુ સક્રિય થઈને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્ર નજીકથી પસાર થઈ રહી છે.

આ ડબલ સિસ્ટમની સંયુક્ત અસરથી અતિશય ભેજવાળા પવનો જમીન તરફ ફંટાઈ રહ્યા છે, જેના કારણે ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના વિસ્તારોમાં વરસાદી માહોલ ફરીથી જીવંત બનશે. ખાસ કરીને આગામી શરૂઆતના ૩ દિવસ દરમિયાન વાતાવરણમાં અચાનક પલટો આવવાની સાથે ગાજવીજ, મજબૂત પવન અને આકાશી વીજળીના કડાકા-ભડાકા સાથે થન્ડરસ્ટોર્મ એક્ટિવિટી જોવા મળી શકે છે. વીજળી પડવાના જોખમને ધ્યાનમાં રાખીને ખેડૂતો અને સામાન્ય નાગરિકોને ખુલ્લા વિસ્તારો કે વૃક્ષો નીચે ન ઊભા રહેવા અને પૂરતી સાવચેતી વર્તવા અનુરોધ કરાયો છે.

આ વરસાદી રાઉન્ડ રાજ્યના કૃષિ ક્ષેત્ર માટે અત્યંત સંજીવની સમાન સાબિત થઈ શકે તેમ છે. ચાલુ ચોમાસાની સિઝનના સત્તાવાર આંકડા પર નજર કરીએ તો રાજ્યમાં સરેરાશ સામાન્ય વરસાદની સરખામણીએ હજુ પણ ૯ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. કેટલાક તાલુકાઓમાં સારો વરસાદ થયો છે, પરંતુ અનેક વિસ્તારો હજુ પણ સંતોષકારક મેઘમહેરની રાહ જોઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં આગામી ૭ દિવસ દરમિયાન થનારો આ મધ્યમ વરસાદ ખેતરોમાં ઊભા પાક જેવા કે મગફળી, કપાસ અને ડાંગર માટે જીવનદાન સાબિત થશે. જો આ ચોમાસુ સિસ્ટમ ધારણા મુજબ જ સક્રિય રહેશે, તો ચોમાસાના અંત પહેલાં આ ૯ ટકાની વરસાદી ઘટ સંપૂર્ણપણે સરભર થઈ જવાની પ્રબળ આશા સેવાઈ રહી છે.



બીજી તરફ, અરબી સમુદ્રમાં હવાના દબાણમાં ફેરફાર થવાને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ખૂબ જ ઝડપે તોફાની પવન ફૂંકાવવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાને રાખીને વહીવટી તંત્ર દ્વારા તાત્કાલિક અસરથી આગામી ૨ દિવસ માટે માછીમારોને દરિયો ન ખેડવા માટે સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે. રાજ્યના તમામ મુખ્ય બંદરો પર સંબંધિત ભયસૂચક સિગ્નલો લગાવી દેવાયા છે, જ્યારે દરિયામાં ગયેલી બોટોને તાત્કાલિક સલામત કાંઠે પરત બોલાવી લેવા માટે કોસ્ટ ગાર્ડ અને મરીન પોલીસ સાથે સતત સંકલન સાધીને સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે.

### ૧૧ ઓક્ટોબરથી શક્તિની આરાધનાના પવિત્ર પર્વ નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે

# નવરાત્રી માટે ૮ ગ્રાઉન્ડ્સના ટેન્ડર જાહેર

## નિયમો અને ભાડામાં કોઈ ફેરફાર નહીંઃ મનપાએ ગત વર્ષના દર રાખ્યા યથાવત : રેસકોર્સ ક્રિકેટ ગ્રાઉન્ડ માટે અલગથી ટેન્ડર બહાર પડશે

રાજકોટ, તા. ૧૬

આગામી તા. ૧૧ ઓક્ટોબરથી શક્તિની આરાધનાના પવિત્ર પર્વ નવરાત્રીનો પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા રાસોત્સવના આયોજન માટે શહેરના જુદા જુદા ૮ મેદાનો ભાડે આપવા ખાતાકીય ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. આ ટેન્ડર ભરવા માટે ગરબા આયોજકોને ૧૫ દિવસની મુદત આપવામાં આવી છે. ખાસ વાત એ છે કે મનપા દ્વારા મેદાન ભાડે આપવાના નિયમો અને ભાડાના દરો ગત વર્ષ જેટલા જ યથાવત રાખવામાં આવ્યા છે, જેમાં તમામ મેદાનો માટે ઈએમડી (EMD) ડિપોઝિટની રકમ પણ રૂ. ૧ લાખ જ રાખવામાં આવી છે.

શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલા આ પ્લોટનું ક્ષેત્રફળ ૩,૦૭૩ ચોરસ મીટરથી લઈને ૧૨,૮૦૦ ચોરસ મીટર સુધીનું છે. ભાડાની વિગતો જોઈએ તો રેસકોર્સના બે મેદાન માટે રૂ. ૬ પ્રતિ ચોરસ મીટર અપસેટ ભાવ નક્કી કરાયો છે, જ્યારે નાના મવા ચોક અને સાધુ વાસવાણી રોડ પરના બે પ્લોટ માટે રૂ. ૫ પ્રતિ ચોરસ મીટર અપસેટ ભાડું રાખવામાં આવ્યું છે. આ ઉપરાંત અમીન માર્ગ કોર્નર ઝેડ બ્લુ સામેનો પ્લોટ, પ્રમુખસ્વામી ઓડિટોરીયમ બાજુનો પ્લોટ, ૧૫૦ ફુટ રિંગ રોડ બાલાજી હોલ પાસે પાઠક સ્કુલ પાછળનો પ્લોટ અને સત્યસાંઇ રોડ શગુન રેસીડેન્સી બાજુના પ્લોટનું અપસેટ ભાડું પણ રૂ. ૫ નક્કી કરાયું છે. ગરબા આયોજકો આ અપસેટ ભાડાથી વધુની ઓફર આપીને ટેન્ડર ભરી શકશે અને એકથી વધુ અરજીઓ આવશે તો સૌથી ઊંચી ઓફર આપનાર અરજદારને એસ્ટેટ વિભાગ દ્વારા ગ્રાઉન્ડ ફાળવવામાં આવશે. આ ભાડા ઉપરાંત આયોજકોએ નિયમ મુજબ ટેક્સ અને સફાઈ સહિતના અન્ય ચાર્જિસ અલગથી ભરવાના રહેશે.



બીજી તરફ, શહેરના મધ્યમાં આવેલા અત્યંત લોકપ્રિય રેસકોર્સ ક્રિકેટ ગ્રાઉન્ડ માટેના નિયમો અને ભાડા અલગ હોય, એસ્ટેટ વિભાગ દ્વારા આગામી એક-બે દિવસમાં તેનું અલગથી ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવશે. નોંધનીય છે કે દર વર્ષની જેમ અમીન માર્ગ અને રેસકોર્સના મેદાનો દાંડિયા રાસના આયોજન માટે આયોજકોમાં સૌથી વધુ ફેવરિટ રહે છે, જ્યારે ગત વર્ષે પ્રમુખસ્વામી ઓડિટોરીયમ બાજુના પ્લોટ જેવી જગ્યાઓમાં કોઈ આયોજકે રસ દાખવ્યો ન હતો.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વિવિધ તહેવારો અને પ્રસંગોએ પોતાના પ્લોટ્સ ભાડે આપીને આવક ઊભી કરવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે. જોકે, તાજેતરમાં જ જન્માષ્ટમીના તહેવાર દરમિયાન મનપાના પ્લોટ્સ અને ગ્રાઉન્ડ્સ લેવા માટે એકપણ આયોજક કે વેપારી રાજી થયો ન હતો. જન્માષ્ટમીના લોકમેળા અને અન્ય આયોજનો સમયે મનપાના ગ્રાઉન્ડ્સ ખાલીખમ રહ્યા હતા અને કોર્પોરેશનને અપેક્ષિત આવક મેળવવામાં મોટો ફટકો પડ્યો હતો. જન્માષ્ટમીમાં નીરસ પ્રતિસાદ સાંપડ્યા બાદ હવે મનપા તંત્રએ આગામી નવરાત્રીના તહેવારને ધ્યાનમાં રાખીને ફરી એકવાર આવકનો સ્રોત ઊભો કરવા કમર કસી છે.

આગામી નવરાત્રી મહોત્સવને લઈને મનપાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલા ૮ જેટલા પ્રાઈમ ગ્રાઉન્ડ્સ રાસોત્સવના આયોજન માટે ભાડે આપવા ટેન્ડર પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જન્માષ્ટમીમાં ખાલી પડેલા પ્લોટ્સનો કડવો અનુભવ ધ્યાને રાખીને, આ વખતે આયોજકોને આકર્ષવા માટે મનપાએ ભાડાના દરો અને નિયમો ગત વર્ષ જેટલા જ યથાવત રાખ્યા છે. હવે જોવાનું એ રહેશે કે જન્માષ્ટમીમાં મનપાના ગ્રાઉન્ડ્સ તરફ પીઠ દેખાડનારા આયોજકો નવરાત્રીમાં કેવો પ્રતિસાદ આપે છે અને મનપાની તિજોરીમાં કેટલી આવક ઉમેરાય છે.